રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકતીર્થમાં લોકશિક્ષકની પધરામણી.... હૈયે હરખ ન માય...



લોકભારતીના કાયમી વડીલ - માર્ગદર્શક -પ્રેરણાસ્ત્રોત એવા પૂજ્ય-પ્રિય શ્રી મોરારીબાપુ
લોકભારતીને મળેલ યુનિવર્સિટીનો હરખ કરવા ખાસ લોકભારતી પધાર્યા અને આશીર્વચન પાઠવ્યા.
લોકભારતીએ માનવ-મૂલ્યોની જે ખેવના કરીને સ્થાપકદાદાઓનો વારસો ઉજાળી-જાળવી રાખ્યો છે તે સંદર્ભે પોતાનો
રાજીપો-પ્રસન્નતા વ્યકત કરી લોકભારતી માટે એક વિશેષ કથા જાહેર કરીને વાતાવરણને ભાવુક બનાવી દીધું.

વર્ષ: ૭૬ અંક : ૦૧ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨





પરિવારનાં વડીલની ભૂમિકાએ પૂજ્ય બાપુએ સૌના ખબર અંતર પૂછી પોતાનો રાજીયો વ્યક્ત કર્યો

શ્રી દિનુભાઈ ચુડાસમા દ્વારા સંપાદિત 'તલગાજરડી સંકેત' પુસ્તકનું પૂજ્ય બાપુની નિશ્રામાં થયેલું વિમોચન





જાણીતા કવિશ્રી વિનોદભાઈ જોશી અને શ્રી તુષારભાઈ શુક્લની સંગતે...





લોકભારતીના આંગણે યોજાયો એક યાદગાર કાવ્ય-સંગોષ્ઠિનો કાર્યક્રમ

# કોડિયું

વર્ષ : ૭૬ | ઓગસ્ટ : ૨૦૨૨ | અંક : ૦૧

## અનુક્રમણિકા


૦૧ **રૂરલ ઈનોવેશન તરફ...** ...૦૦૬
વિશાલ ભાદાણી
૦૨ **સાંપ્રત શિક્ષણ પ્રશ્નો જ પ્રશ્નો** ...૦૦૮
શરીફા વીજળીવાળા
૦૩ ઈનોવેશન્સના કલ્પવૃક્ષમાં ફૂલોની મહેક ઓસરાઈ... ...૦૧૧
પ્રખ્યાતિ
૦૪ **શાળા નર્સરી: બાળ ઘડતર અને પર્યાવરણને પોષક નૂતન મિશન** ...૦૧૪
સંજય આર.તલસાણીયા
૦૫ **ખબરદાર ! આંધળુકિયા અમલ પહેલાં સાત ગળણે ગળીએ** ...૦૧૮
હીરજી ભીંગરાડિયા
૦૬ **વિનોબાજીનાં ગીતાપ્રવચનો** ...૦૨૧
કાલિન્દી પરીખ
૦૬ ગામડું, સ્ત્રીઓનું મનોવિજ્ઞાન અને શહેર ...૦૨૩
મહેશ પઢારિયા
૦૭ **પશ્ચાતાપના આંસુ** ...૦૨૪
રવજી ગાબાણી
૦૮ પ્રત્યેક ક્ષણને જીવતાં બાળકોની 'મા' : નેહલ ગઢવી ...૦૨૭
દિનુ ચુડાસમા
૦૯ **હિસાબી જાગૃતિ** ...૦૩૦
ભરત ના. ભટ્ટ
૧૦ **ગુરુપૂર્ણિમા નિમિત્તે બંદઉ ગુરુપદ** ...૦૩૧
ડૉ. સી. ટી. ટૂંડિયા
૧૧ **લોકભારતી તો નિજમાં નિમગ્ન કરનારી છે** ...૦૩૫
કવિ વિનોદ જોશી
૧૧ **લોકભારતીમાં તો ચહેરા બોલે છે** ...૦૩૬
કવિ તુષાર શુકલ
૧૨ **મજેદાર સંવાદો** ...૦૩૭
સંકલિત
૧૩ **સંસ્થા સમાચાર** ...૦૩૯
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
દિનુ ચુડાસમા
(મો. ૯૭૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### ઈનોવેશન ફોર સર્વોદય

સમયાંતરે થતો જીવલેણ લઠ્ઠાકાંડ ફરી સર્જાયો અને સો જેટલા શ્રમિકો-ગરીબોનો ભોગ લઈ ગયો! ગામડે ગામડે ચાલતાં દેશી દારૂ ગાળવાના અડ્ડાઓ વિશે સૌ કોઈ બધું જ જાણે છે છતાં દરેક જવાબદાર બીજાનો વાંક કાઢે છે! કોઈ પોતાની ભૂલ કે જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. ગરીબો અને શ્રમિકો દારૂ પીધાં કરે છે. દારૂ વેચનારાઓ દારૂનો ધંધો કરતા રહે છે. પરિણામે સમયાંતરે પરિસ્થિતિ હતી એમ જ બની રહે છે. દુ:ખદ એ છે કે, આ બધા વચ્ચે એક વરવી વાસ્તવિકતા રહેલી છે એ રૂંવાડા ખડી કરનારી, નિરુત્તર કરી મૂકે તેવી છે. મરનાર લોકોમાં ગટર સાફ કરનાર અને મેલું સાફ કરનારની સંખ્યા સવિશેષ હોય છે. પોતાનો પતિ ગુમાવનાર એક બહેને કલ્પાંત કરતાં જણાવ્યું કે સાહેબો શું તમે ક્યારેય અનુભવ્યું કે જાણ્યું છે આવું મેલું ઉપાડવું જેવું કામ કરવું એ પીધા વગર શક્ય જ નથી!!! મારા ભાઈ મુનિ દવેએ અત્યંત ભાવુક થઈને યાદ અપાવ્યું કે જ્યારે આપણા છ- છ જુવાન દીકરાઓને નર્મદાએ સમાવેલા ત્યારે જે તરવૈયાઓ મૃતશરીરોને શોધતા હતા તેઓ ખુદ સમયાંતરે દારૂની કોથળીઓ પીને પાણીમાં ગોતા લગાવતા હતા! પછી જાણેલું કે કલ્લાકો સુધી તેઓને પાણીમાં આટલી તાકાતથી આ શોધખોળ કરવા શરીરને ગરમી કે સ્ફુર્તિમાં રાખવા આ પીવું અનિવાર્ય હતું.

આપણે સુખી-સંપન્ન, લોકો આવી અનેક સેવાઓ જે ભોગવી રહ્યાં છીએ તે આ પ્રકારના શ્રમિકો દ્વારા થાય છે. આ બાબતોથી આપણે સાવ અજાણ છીએ. ગાંધીજીએ સાવ છેવાડાના માણસ સુધી જઈને તેની જીવનશૈલી જાણવાનું કહ્યું હતું, એ જાણીને પછી એમાં કેવા કેવા સુધારા કરી શકાય, સમસ્યાનું નિરાકરણ કેમ લાવી શકાય એ માટે પ્રતિબદ્ધકાર્ય કરવાનું સૂચવ્યું હતું. તેની પાછળ નિત્યનૂતન ગાંધીનું આર્ષદર્શન હતું. એમ જણાય આવે છે. આનો ઉપાય શોધાવો જોઈએ. ટેકનોલોજીનો સદ્ઉપયોગ, સર્જનાત્મક વિનિયોગ થવો ઘટે. વિશ્વના ઉત્તમ કક્ષાના ૮૫ % વૈજ્ઞાનિકો આજે સંહારક શસ્ત્રો બનાવવામાં વ્યસ્ત છે ત્યારે જો થોડાકને આ દિશામાં વાળી શકાય તો પુણ્યનું કામ થાય. ટેકનોલોજીની વિવેકી સહાયથી માણસનું જીવન સલામત, સરળ, સહ્ય મહેનતનું અને પ્રસન્નતા બક્ષતું બનવું જોઈએ. રચનાત્મક અને સર્જનાત્મક એવી એપ્રોપ્રીએટ ટેકનોલોજી જ માણસને સંસ્કારી બનાવી શકે. લોકભારતી યુનિવર્સિટી આ દિશામાં પણ ઈનોવેશન કરીને 'ઈનોવેશન ફોર સર્વોદય'ની એ નવી જ કેડી કંડારી શકશે તો તેની સ્થાપના સાર્થક થઈ ગણાશે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો જરૂર હોય ત્યાં અને ત્યારે વિવેકપૂર્ણ ઉપયોગ કરવો એ માનવીય અભિગમ છે. આ થાય તો પૂ. ગાંધી વાંસળી વગાડતા અને આપણા સ્થાપક દાદાઓ તેમની ફરતે ગરબે ઘૂમતા અવશ્ય નજરે પડશે. એ ગરબી નિરામય તંદુરસ્ત માનવસમાજ માટે આનંદ ગંગોત્રીની સરિતા વહાવતી હશે.. સત્યમય, શિવમય, સૌદર્યમય વિશ્વના કલ્યાણ માટે રૂરલ ઈનોવેશન પ્રથમ પ્રાથમિકતા છે. વિનોબાએ સૂત્ર આપ્યું છે : 'જય જગત જય સ્ફૂર્તિ' ઉત્સવપૂર્વક કલ્યાણ માર્ગ કંડારીએ.

— અરુણ દવે

## રૂરલ ઇનોવેશન તરફ...

વિશાલ ભાદાણી

લોકભારતી યુનિ.નું પૂરું નામ છે 'લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન'. આવું નામ રાખવા પાછળ એક દર્શન છે. રૂરલ ઇનોવેશન એટલે ગામડાંના જીવતા જીવનના પ્રશ્નોને વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી એવી રીતે ઉકેલ લાવવા કે જેનાથી પર્યાવરણનું જતન, ગ્રામ્ય વિસ્તારોમાં નવી રોજગારી ઊભી થાય અને જે તે ઉકેલને અન્ય જગ્યાએ સ્થળ-કાળ પ્રમાણે થોડાં ફેરફાર કરીને પણ લાગુ પાડી શકાય.આ પ્રકારના ઇનોવેશનમાં સ્થાનિક સંસાધનોનો મહત્તમ ઉપયોગ થાય એ અપેક્ષિત છે.

દુનિયાની ૫૦૦ મોટી કંપનીઓ પરના ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધન પ્રમાણે આવતા પાંચ વર્ષમાં આ ૫૦૦માંથી ૫૦% કંપનીઓ બંધ થઇ જશે. આનું કારણ શું? કારણકે આ કંપનીઓ જે ઝડપથી દુનિયા બદલાઈ રહી છે એ પ્રમાણે અને એ ઝડપે પોતાને બદલી શકતી નથી. આ કંપનીઓની સૌથી મોટી મર્યાદા એ છે કે એ લોકો ૨૦મી અથવા તો એથી પણ પહેલાની સદીમાટે બનાવાયેલા સાધનો દ્વારા ૨૧મી સદીની સમસ્યાઓનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરે છે. રૂરલ ઇનોવેશનનો અર્થ એ બિલકુલ નથી કે શહેરોની બધી સુવિધાઓ અને ટેકનોલોજી ગામડાંમાં આવે! ગ્રામભારતીનું સત્ત્વ સાચવીને તેને સમૃદ્ધ કરી શકે એ રૂરલ ઇનોવેશનનો પ્રાણ બને.

આ સદીના તમામ પ્રશ્નોને સ્થાયી વિકાસની દ્રષ્ટિએ ઉકેલવા માટેનું કોઈ સક્ષમ સાધન હોય તો તે છે ઇનોવેશન – નવીનીકરણ. 'ઇનોવેશન' કરવું સહેલું નથી, ઘણું અઘરું છે કારણકે ઇનોવેશનનો અર્થ થાય છે "કશુંક નવું અને જુદું કરવું." કશાક નવીનનું ખોજ માણસની મૂળ પ્રકૃતિ છે. કૃષિક્રાંતિએ જ રૂરલ ઇનોવેશનનો પાયો નાખ્યો છેઃ છૂટા બીજ વેરીને જે ઉત્પાદન મેળવતા એનાથી હજારોગણું વધુ ઉત્પાદન મેળવતા થયા છીએ. ત્યારથી લઈને આજ સુધી દુનિયાભરના ગામડાંઓમાં જે બહેતર થતું આવ્યું છે તે ઇનોવેશન-સાંકળને આધારે આપણે અહીં સુધી પહોચ્યા છીએ. હાલ

(૧) શિક્ષણ

(૨) આરોગ્ય

(૩) કૃષિ-બાગાયત-પશુપાલન

(૪) ઊર્જા અને

(૫) રોજગારના ક્ષેત્રોમાં રૂરલ ઇનોવેશન થાય તો કેટલાક પાયાનાં પ્રશ્નોના ઉકેલમાં મદદ મળે.

**રૂરલ ઇનોવેશન માટેનો આ ઉત્તમ સમય છેઃ**

છેલ્લાં ૨૦ વર્ષોમાં ટેકનોલોજી ક્ષેત્રે જે વૈશ્વિક વિકાસ થયો છે એ સંદર્ભે ગામડાઓ સુધી કેટલીક બહુ જ મહત્ત્વની સુવિધાઓ પહોંચી છે જે રૂરલ ઇનોવેશન માટે ઇંધણનું કામ કરી શકે તેમ છે. ઉદાહરણ તરીકે જેમ જે સ્માર્ટફોન અને ઇન્ટરનેટનો વ્યાપ વધતો જાય છે તેમ તેમ ભારતના ગામડાઓમાં અનેક સવલતો ઊભી થઇ છે. આજે ગ્રામ્ય ભારતના ૩૦ કરોડ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યાં છે. ખેડૂતો, શ્રમિકો, કારીગરો યુ-ટ્યુબ અને અન્ય સંસાધનોની મદદથી દુનિયાભરની માહિતી આંગળીના ટેરવે મેળવતા થયા છે. સરકારશ્રીના ઈ-ગ્રામપંચાયત અને ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ જેવા પ્રકલ્પો લોકોને ઝડપથી વિવિધ યોજનાઓ પહોંચાડવામાં મહદંશે સફળ થયા છે. જે ઝડપથી લોકો ટેકનોલોજી અપનાવી રહ્યાં છે એ ઝડપ જ પરિવર્તનનો પાયો છે.

છેલ્લાં વર્ષોમાં ગામડાઓ પાક્કા રસ્તે પરસ્પર અને શહેરો સાથે જોડાયા છે. ગત પાંચવર્ષમાં ૨૫૦૦૦ કિલોમીટર નવા રોડ બન્યા છે તો ૮૦૦ નવી ટ્રેન સેવાઓ શરુ થઇ છે. જેમ જેમ માળખાગત સુવિધાઓ અને સમૂહ-માધ્યમો સક્ષમ બની રહ્યાં છે તેમ તેમ દુનિયાભરના લોકોની

નજર ભારતીય કૃષિ પર પડી છે. કૃષિ આધારિત સ્ટાર્ટ-અપમાં રોકાણકારો લગભગ બમણા થયા છે અને આ રોકાણ ૬૬૦૦૦ કરોડ સુધી પહોચ્યું છે. ફાર્મર પ્રોડ્યુસર કંપનીસ (FPO)ની જાગૃતિ વધી રહી છે ત્યારે ભારત કૃષિ ક્ષેત્રે પણ બહોળું યોગદાન આપશે એમાં શંકા નથી. પાયાની સ્વાસ્થ્ય સુવિધાઓ, વીજળી, શિક્ષણ, વગેરેમાં જથ્થો અને ગુણવત્તાની દ્રષ્ટીએ ગામડાઓ સુધી પહોંચી છે.

**આપણો મનોરથ...**

લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનના પ્રત્યેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ‘રૂરલ ઇનોવેશન’ને ધ્યાનમાં લઈને પોતાના વિષય-શિક્ષણને વિચારતા થાય.ગામડાંમાં ખેત-ઉત્પાદનોનું મૂલ્યવર્ધન કરવા માટેની નવી નવી પદ્ધતિઓ અને ટેકનોલોજી વિકસાવવી. કૃષિ-ઓજારોને વધુ કાર્યક્ષમ બનાવવા માટેનો કાયમી વર્કશોપ શરુ હોય જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ખેડૂતોની જરૂરીયાતોનું પૃથ્થકરણ કરીને નવા નવા સાધનો વિકસાવશે. મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓ ગામડાંના લોક-જીવનમાં રહેલા મનોવૈજ્ઞાનિક પ્રશ્નોનો ઉકેલ શોધે. એવી જ રીતે અંગ્રેજી વિષય સાથે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ ગામડાંના યુવાનોને રોજગાર માટે જરૂરી અંગ્રેજી-ભાષા કૌશલ્ય સંવર્ધનમાં વિદ્યા-વિસ્તરણનું કામ કરશે. ગાંધીભારતી વિભાગ દ્વારા થતા અભ્યાસક્રમો લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશનનાં છાત્રોને ગાંધીવિચાર-દર્શનના પરિપ્રેક્ષ્યમાં માનવીય જીવનને ઉમદા કેમ બનાવી શકાય, આનંદપૂર્વક, સુખી, શાંતિમય, સંવેદનશીલ જિંદગીની આચરણસંહિતા સમજાવી ગાંધીવિચારને રોજિંદા જીવનમાં સરળતાથી વણી લેવાની સમજ આપશે.

ગાંધીજીએ યુવાનોને ગામડામાં જઈ રહેવાની વાત કરી હતી. ગામડાંના ઉત્કર્ષ માટે યુવાનો સક્રિય બને એ વિચાર લોકભારતી યુનિવર્સિટીના કેન્દ્રમાં છે. ત્યારે રીનોવેશન નહીં ઈનોવેશન તરફની આ વિદ્યાયાત્રામાં હૈયુ, મસ્તક, હાથથી એકરૂપ બની અમે ગામડાંના બહેનોને વિવિધ રોજગારલક્ષી નાના-નાના અભ્યાસક્રમો દ્વારા પગભર કરવા પ્રતિબદ્ધ છીએ.

**હિન્દુસ્તા હમારા**

અંતરિક્ષમાં પ્રથમવાર ડૂબકી લગાવનાર ભારતીય અવકાશયાત્રી રાકેશ શર્મા

રશિયન અવકાશવીરો સાથે અવકાશમાં હતા ત્યારે ઇંદિરા ગાંધી દેશના વડાપ્રધાન હતા

તેમણે દૂર અંતરિક્ષમાં પહોચેલા રાકેશ શર્મા

સાથે સેટેલાઇટ ફોન દ્વારા વાત કરી અને પૂછ્યું:

‘અચ્છા યે બતાઓ રાકેશ વહાં સે હમારા હિન્દુસ્તાન કૈસા લગતા હૈ?’

જેના જવાબમાં અવકાશયાત્રી રાકેશે કહ્યું હતુંઃ

‘મેડમઃ સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા! ’

**આચરણ**

સંત ફ્રાંસિસના જીવનની વાત સાંભળોઃ

એક દિવસ એક ભિખારણ બાઇ સંત ફ્રાંસિસ પાસે આવીને કરગરવા લાગી કે, ‘મને બહૂ ભૂખ લાગી છે કંઇક આપો!’

સંત ફ્રાંસિસ પાસે તો કંઇ હતું જ નહીં એટલે સંત ફ્રાંસિસ પાસે જે ‘બાઇબલ’ હતું તે એમણે વેંચી નાખ્યું અને બાઇબલની જે કિંમત ઉપજી એ બધી રકમ ભિખારણબાઇને આપી દીધી હવે સંત ફ્રાંસિસ પાસે પ્રભુનું બાઇબલ નથી ત્યારે સંત ફ્રાંસિસે પ્રાર્થના કરી કેઃ

‘હે પ્રભુ, તારા શબ્દોનું પાલન કરવા મેં તારા જ શબ્દો વેંચી નાખ્યા છે.’

## સાંપ્રત શિક્ષણ પ્રશ્નો જ પ્રશ્નો

શરીફા વીજળીવાળા

કોઈ પણ સ્વસ્થ સમાજને ઘડવાનું, જીવનમૂલ્યોને રક્ષવાનું કામ હંમેશાં શિક્ષણ જ કરી શકે. સારું અને સાચું શિક્ષણ. શિક્ષણ વ્યક્તિત્વ ઘડતરનું કામ કરે છે. શિક્ષણ જીવનમૂલ્યો શીખવે, સર્વાંગી વિકાસની દિશામાં લઈ જાય. સ્વસ્થ નાગરિક સમાજના ઘડતરમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણનો જ સૌથી મોટો ફાળો હોવાનો. શિક્ષણ એટલે માત્ર ડિગ્રીધારીઓ પેદા કરવાની ફેકટરી નહીં પરંતુ એક સંપૂર્ણ મનુષ્ય બનાવનારી કેળવણી.

પણ આજે ચોતરફ નજર નાખો. ઉગતાથી આથમતા સુધી સતત દોડતો વિદ્યાર્થી ખરેખર શું ભણે છે ? બદલાયેલી શિક્ષણ પદ્ધતિએ બાળકો પર અર્થ વગરનો અને પાર વગરનો બોજો ખડકી દીધો છે. ભારણ વધ્યું છે પરંતુ ભણતર વધ્યું છે ખરું એવો પ્રશ્ન થાય. ભણતરના ભાર નીચે કચડાઈ જતો આ વિદ્યાર્થી વર્ગમાં ભલે ૮૦-૯૦ ટકા લાવે પરંતુ એનું વિસ્મયનું જગત ખોવાઈ ગયું છે. વાર્તાઓના જગતમાં ખોવાઈ જઈ કલ્પનાના લોકમાં વિહરવાનો સમય આજના ભણતરે એની પાસે રહેવા જ નથી દીધો. વિસ્મય અને અદ્દભુતના જગત સાથે જોડી આપતા અખૂટ વાર્તારસ સાથે આજના વિદ્યાર્થીને કોઈ નાતો જ ના રહ્યો, વળી ટેકનોલોજીના વિકાસે માહિતીનું મહત્ત્વવ વધાર્યું અને જ્ઞાનને બીજા નંબરે મૂકી આપ્યું. હરિફાઈની દુનિયામાં વ્યક્તિવિકાસના મૂલ્યો અને મહત્વાકાંક્ષાઓનું સ્વરૂપ બદલાઈ ગયું. પુસ્તકો દ્વારા વ્યક્તિત્વ ઘડતરનો ખ્યાલ જ અલોપ થઈ ગયો. વાચન માણસને વિચારતા કરે છે, પોતીકી રીતે નિર્ણય લેતા કરે છે. જેઓને વાંચવાની અને પરિણામે વિચારવાની ટેવ છે એમને ઘેંટાના ટોળાંની જેમ દોરી નથી શકાતા.

છેલ્લા ૨૫-૩૦ વર્ષમાં વ્યક્તિને બદલે ટોળાં વધતા ગયા એનું મૂળ કારણ ખાડે ગયેલ શિક્ષણ છે. તમે દેશ કે દુનિયાના મહાન વૈજ્ઞાનિકો, વિદ્વાનો કે સર્જકોની વાતો વાંચો. વિક્રમ સારાભાઈ, રવીન્દ્રનાથ ટાગોર કે અત્યારે એ.પી.જે. અબ્દુલ કલામ, પંકજ જોશી વગેરેની વાતો વાંચો. આ તમામની કુતૂહલવૃત્તિ, વિસ્મય એમના વાચનરસને કારણે પ્રદીપ્ત થયેલ. આજે ભણતરના ભારણે વિદ્યાર્થીના વાર્તારસ કે વાચનરસ બેઉનો સાવ જ છેદ ઉડાડી દીધો છે. આજના પોપટિયા શિક્ષણે એની સંપૂર્ણ મનુષ્ય બનવાની દિશા જ લગભગ બંધ કરી દીધી છે. આજના ૮૦ થી ૮૫ ટકા લાવનારા વિદ્યાર્થીની હાલત તો જરા જુઓ. અતિશય મર્યાદિત શબ્દભંડોળ, સાવ જ કાચીભાષા પરિણામે એકદમ જ નબળી અભિવ્યક્તિ, મૌલિક્તા અને સામાન્ય જ્ઞાનનો સદંતર જ અભાવ, આ વિદ્યાર્થીને ઈતરવાચન તો ઠીક પણ છાપાં વાંચવાની પણ કદી જરૂર નથી પડતી. પરંતુ આનો આ જ વિદ્યાર્થી પાછો રશિયાની રાજક્રાન્તિ વિશે કે બીજા વિશ્વયુદ્ધ વિશે નોંધ લખી આવે ! ભારતની આર્થિક નીતિ પર લખનારને બજેટ ક્યારે બહાર પડે કે કેવી રીતે પસાર થાય એની લેશમાત્ર ગતાગમ નથી. કૉલેજના પે'લા-બીજા વર્ષના વિદ્યાર્થીને ૧૯૩૦ કે '૪૨ કે '૪૭ કે '૬૫ કે '૭૫ કે '૯૨માં શું બન્યું એવું પૂછો તો જવાબમાં મૌન પાળે છે. પશ્ચિમ બંગાળ પશ્ચિમમાં અને ગુજરાત દક્ષિણમાં એવા નિરાંતજીવે જવાબ આપે છે. હવે પ્રશ્ન કરો કે પેલા ૮૦ કે ૮૫ ટકાનો ફાયદો શો ? નિશાળોએ આ વિદ્યાર્થીને ગોખતા શીખવ્યું પણ બીજું કશું કેમ ના શીખવ્યું એવો પ્રશ્ન નહીં થાય ?

આજના શિક્ષણે આ વિદ્યાર્થીને એટલી હદે સપાટી પર છબછબિયા કરતો કરી દીધો છે કે ન એને ભૂગોળ આવડે, ન ઈતિહાસ. સંસ્કૃતિની જેટલી સમજ છે તે એટલી તો સાંકડી છે કે 'વસુધૈવ કુટુંબકમ' કે વિશ્વમાનવની વાત એમાં દાયરામાં જ નથી આવતી. સાવ છીછરું, સપાટી

પરનું આ પોપટિયું શિક્ષણ ન તો જીવનમૂલ્યોનું સિંચન કરે છે કે ન જીવનઘડતરનું, ન વ્યક્તિત્વઘડતરનું કામ કરે છે. વળી ખોટનો ધંધો તો એ થયો છે કે જાણ્યે અજાણ્યે આ સપાટી પરના છીછરા શિક્ષણે વિદ્યાર્થીને 'હું કંઈક છું'ના ભ્રમમાં રાચતો કરી દીધો છે. જ્ઞાનને કોઈ સીમા જ નથી હોતી એવું સમજવાને બદલે એ પોતાને મહાજ્ઞાની સમજતો થઈ ગયો છે.

આપણે આ વિદ્યાર્થીને વિષય તરીકે પર્યાવરણ ભણાવીએ છીએ પણ પર્યાવરણના ખરા પાઠ શીખવાડીએ છીએ ખરાં ? કુદરતી સ્ત્રોતના મહત્ત્વ વિશે સભાન બનાવીએ છીએ ખરાં ? એને જીવનમૂલ્યનો હિસ્સો બનાવીએ છીએ ખરાં ? વનસ્પતિશાસ્ત્રમાં અનુસ્નાતક કક્ષાએ ૭૫ ટકા લાવનારને બગીચાના એક પણ છોડના નામ નથી ખબર ! બોર્ડમાં નંબર લાવનારને એના રસ્તાના વળાંક પર ખીલી ઊઠેલા કાંચનારનો જાંબલી રંગ નથી દેખાતો. પ્રશ્ન આ છે. સમસ્યા આ છે. કટ્ટર હરિફાઈનો ભોગ બની, ટકા માટે ઘેલા બની આપણે વિદ્યાર્થીને માત્ર પુસ્તકિયા જ્ઞાન સુધી સીમિત કરી દીધો છે. જો આપણે તેને અનુભવજન્ય જ્ઞાન બાજુ, સામાન્ય જ્ઞાન અને વધારાના વાચન બાજુ નહીં લઈ જઈએ તો આવતીકાલ નર્યા પ્રશ્નો લઈને ઉગશે. આપણી પાસે ગાંધીની બુનિયાદી તાલીમની પાક્કી સમજ છે જ. પણ એને અમલમાં મૂકવાની આપણી તૈયારી નથી. લોર્ડ મેકોલેએ આપણા માથા પર જે શિક્ષણ માળખું લાદ્યું તેને ફગાવી દેવાને બદલે આપણે એમાં વધુ ને વધુ ફસાતા ગયા. મેકોલેના વંશજો તો ગયા પરંતુ આપણે એના માળખાના મોહમાંથી છૂટ્યા છીએ ખરાં ?

અંગ્રેજી ભાષા તરફનો આપણો મોહ સાચી દિશામાં વધ્યો છે કે ખોટી દેખાદેખીની આ આંધળી દોટ છે ? અંગ્રેજી વિષયના શિક્ષણ સામે કોઈનેય વાંધો ન હોય પરંતુ શિક્ષણનું અંગ્રેજીકરણ તો કેવી રીતે ચલાવી લેવાય ? ભાષાવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને દાકતરી વિજ્ઞાન તમામ એક વાતને ટેકો આપે છે કે માતૃભાષામાં ભણેલા વિદ્યાર્થીની પાયાની સમજ એકદમ ટકોરાબંધ હોય છે. પણ અંગ્રેજી પાછળની આંધળી દોટમાં આ સાંભળવા તૈયાર કોણ છે ? જેમને અંગ્રેજી માધ્યમમાં મૂક્યા તે અંગ્રેજી સાહિત્ય વાંચતા થયા ? જવાબ 'ના'. એમણે ગુજરાતી વાંચ્યું ? તો એ તો એને આવડ્યું જ નથી. તો આ તો બાવાના બેઉ બગડ્યા જેવો ઘાટ થયો ને ? ટૂંકમાં છેલ્લા બે-ત્રણ દાયકાઓથી જાણે કે વાચનયુગ જ પૂરો થઈ ગયો છે. આપણાં બાળપણના પાત્રો સોટી-પોઠી, બકોર પટેલ, મિયાં ફૂસકી આ બધા તો બિલકુલ ગાયબ જ થઈ ગયા. '૭૦ના દાયકા સુધી આપણે ત્યાં ડૉક્ટરો, ઈજનેરો સહિત બધા વાંચતા. ઘરે ઘરે મુનશી, મેઘાણી, મડિયા, ર.વ. દેસાઈ, દર્શક ઉપરાંત શરદબાબુ, ટાગોર અને ખાંડેકર પણ પુષ્કળ વંચાતા. કોકિલા, મંજરી, મૃણાલ કે રોહિણી રાજુ કે જીવીને ગુજરાતી પ્રજા ઓળખતી. આજે તો ગુજરાતી વિષય સાથે એમ.એ. એમ.ફિલ કે પીએચ.ડી. કરનાર વિદ્યાર્થીને પણ આમાંથી માંડ એકાદ બે નામ ખબર હશે. એય જો કશેક અભ્યાસક્રમમાં આવ્યા હશે તો નહિતર રામ...રામ...

આપણે પ્રાથમિક શિક્ષણ ક્યાં જઈ રહ્યું છે એની પરવા જ ન કરી અને સર્વોચ્ચ પદવીઓ માટે જીવદયા મંડળીઓ ખોલી બેઠા... જેના પરિણામ આપણી સામે જ છે. આજનો આપણો વિદ્યાર્થી જાતે પંદર વાક્યો નથી લખી શકતો, ગોખેલી પદ્ધતિ સિવાય અન્ય પદ્ધતિથી, તાળો મેળવીને દાખલા નથી ગણી શકતો. ટ્યૂશન કલાસ અને માર્ગદર્શિકાઓના બોટલફિડિંગે એને સાવ પરાવલંબી બનાવી દીધો છે. નિબંધ લખવા માટે આજનો વિદ્યાર્થી મા-બાપ સાથે જ્યારે નિબંધમાળા શોધવા નીકળે ત્યારે જીવન વધુ ગંભીર લાગે. વાચન માણસને પોતીકી રીતે વિચારતા કરે છે, બીજા માનવીના આંતરમન સુધી પહોંચવામાં મદદ કરે છે, વીતેલા સમયની ઘટનાઓના આકલનમાં, એને સાચા પરિપ્રેક્ષ્યમાં સમજવામાં, સમૂહની માનસિકતા સમજવામાં આપણને વાચન જ મદદ કરી શકે. વાચન માણસને પાયામાંથી બદલી શકે છે, જીવનમૂલ્યોનું ઘડતર કરે છે, મનોજગતને વિસ્તારે છે, પોતીકી સમજ કેળવે છે. આટઆટલાં ફાયદા હોવા છતાં આજે કેમ વિદ્યાર્થી

વાંચતો બંધ થઈ ગયો ? આમ તો આ પ્રશ્ન છેલ્લાં ૩૦-૩૫ વર્ષથી પૂછાઈ રહ્યો છે. નહીં વાંચનારી એક આખી પેઢીના સંતાનો આજે વિદ્યાર્થી તરીકે શાળા-કૉલેજોમાં પહોંચી ગયા છે એટલે પ્રશ્ન વધુ વિકટ બન્યો છે.

આ બધું રાતોરાત નથી થયું. આની પાછળ બદલાયેલી શિક્ષણપદ્ધતિ જેટલી જવાબદાર છે એટલો જ નબળો પડતો જતો શિક્ષક પણ જવાબદાર છે. એક જ શિક્ષક અમારા જમાનામાં બધા વિષય ભણાવતા પ્રાથમિક શાળામાં તે છતાં

**આપણી પાસે ગાંધીની બુનિયાદી તાલીમની પાક્કી સમજ છે જ. પણ એને અમલમાં મૂકવાની આપણી તૈયારી નથી. લોર્ડ મેકોલેએ આપણા માથા પર જે શિક્ષણ માળખું લાદ્યું તેને ફગાવી દેવાને બદલે આપણે એમાં વધુ ને વધુ ફસાતા ગયા.**

પાયા કેવા તો પાક્કા થતાં હતાં. ને આજે ? આજે દરેક વિષયના નિષ્ણાત શિક્ષક ભણાવે છે છતાં શિક્ષણ આટલું ખાડે ગયું છે. ભારણ વધતું જાય છે અને ભણતર ઘટતું જ જાય છે. વર્ગમાં જનાર શિક્ષકમાં જે પ્રકારની સજ્જતા હોવી જોઈએ તેનો આજે અપવાદને બાદ કરતાં સંપૂર્ણ અભાવ છે. શિક્ષકે પોતે ઘણું બધું વાંચ્યું હશે. તો એ એના વિદ્યાર્થીને વાંચવા અંગે માર્ગદર્શન આપી શકશે ને ? આજે તો શિક્ષક જ ત=ટ, ગ=ઘ, ર=લ, દ=ડ બોલતો હોય વર્ગમાં પછી વિદ્યાર્થી શું ખાખ ઉચ્ચારણશુદ્ધિ શીખવાનો ? કૂવામાં ન હોય તો હવાડામાં ન આવે એ શિક્ષણ માટે સવાયું સત્ય છે. આજે શિક્ષણક્ષેત્રે કૂવાઓ ખાલી છે એ દુઃખ સાથે આપણે કબૂલવું પડશે. શિક્ષક વાંચતો હશે, વિચારતો હશે, મૂલ્યનિષ્ઠ અને પ્રામાણિક હશે તો એના ૭૦-૭૫ ટકા વિદ્યાર્થી તો એના જેવા થશે જ. વિદ્યાર્થીના કુતૂહલને શિક્ષકે પ્રદીપ્ત કરવાનું છે, ઢબૂરી નથી દેવાનું. શિક્ષકે વ્યક્તિત્વ ઘડતર કરવાનું છે. પોતાનો વિદ્યાર્થી ટોળાંનો ભાગ ન બની જાય, એ પોતાની રીતે વિચારતો થાય, મૌલિકપણે નિર્ણયો લેતો થાય, વાંચતો-લખતો થાય એ જોવાની શિક્ષકની નૈતિક જવાબદારી છે.

આજે જરૂર છે એવા શિક્ષણની જે વિદ્યાર્થીને કલ્પનાની પાંખે ઊડવા દે, એનો સર્વાંગી વિકાસ સાધે, એને સંપૂર્ણ મનુષ્ય બનાવે. વિદ્યાર્થી 'સ્વ'ને બદલે 'સર્વ'નો વિચાર કરતો થાય એવા શિક્ષણની આજે તાતી જરૂરિયાત છે. અત્યારે જે માળખું છે તે તો માત્ર સ્વકેન્દ્રી મશીનો જ પેદા કરી શકે એમ છે, એમાંથી સર્વનો વિચાર કરતો સાચુકલો માણસ પેદા કરવો બહુ અઘરો છે. આપણું સમગ્ર માળખું પરિવર્તન માગે છે. બે વર્ષની ઉંમરના બાળકને રમવા દો, વાર્તાઓ સાંભળવા દો. એને ભણતરના ચૂલામાં ઝોંકવાની જરૂર નથી. પાંચેક વર્ષની ઉંમરે ભણવા બેસાડો. શિક્ષકે જે શીખવાડવાનું છે એ નિશાળમાં જ શીખવાડવાનું છે. આ બરાબર થતું હશે તો કોઈ ટ્યૂશન, કોઈ ગાઈડની જરૂર નહીં જ પડે. બાળક વેઠી શકે એટલું જ લેસન આપો. બાળક મશીન નથી, માણસ છે. એ સમજીને એને હસતા-રમતા ભણાવો. બોર્ડની પરીક્ષાઓના ખોટા હાઉ દૂર થવા જોઈએ. બાકીની પરીક્ષાઓ જેવી જ આ પણ એક પરીક્ષા છે એવો માહોલ ઊભો થવો જોઈએ. કટ્ટર હરિફાઈની ઘેલછામાં તમારા બાળકને ના હોમી દો. હા, કૉલેજ સ્તરે ભારણ વધારો. આજે કૉલેજોમાં મશ્કરી લાગે એટલો ચપટી અભ્યાસક્રમ છે. એને વધારી શકાય. એમ.ફિલ. પીએચ.ડી. જેવી ઉચ્ચ પદવીઓમાં ચાલતી લાલિયાવાડી બંધ થવી જોઈએ. જે આવતીકાલે શિક્ષક થવાના છે એવા તમામ વિદ્યાર્થીની તાલીમ વધુ નક્કર થવી જોઈએ. એમની પાસે વધારાના વિશાળ વાચન અને જાણકારીની અપેક્ષા રખાવી જોઈએ... તો... કદાચ તો આપણું કથળી ગયેલું, ખાડે ગયેલું શિક્ષણનું સ્તર જરાક સુધરે. એક વાત દરેકે ગાંઠે બાંધવા જેવી છે કે જે પ્રજાનું શિક્ષણ ખાડે જાય તેનું સઘળું ખાડે જાય. એટલે જો આપણને આપણી આવતીકાલ ઉજળી જોઈતી હોય, એક સ્વસ્થ નાગરિક સમાજ જોઈતો હોય તો આપણે આજના શિક્ષણના માળખામાં આમૂલ પરિવર્તન કરવા જ પડશે.

## ૦૩. વિજ્ઞાન અને ટેક્નોલોજી

**ઈનોવેશન્સના કલ્પવૃક્ષમાં ફૂલોની મહેક ઓસરાઈ**
**(ટૅકનૉલૉજી આવિષ્કારના ફાયદા અનેક તો સમસ્યાઓની વણઝાર વધુ)**

પ્રખ્યાતિ

---

ગુજલીશમાં ઉછરતી યુવા પેઢી માટે ઈનોવેશન્સ અને બીજા માટે નવીનતા જાણે અટકી પડી હોય તેવું કહેનાર અમેરિકન ભૌતિકશાસ્ત્રી જોનાથન હ્યુબનર આજથી બે દોઢ દાયકા અગાઉ તૈયાર કરાયેલા અહેવાલને વાંચતી વખતે કેલિફોર્નિયાના એક કાર્યક્રમમાં વૃક્ષને રૂપક તરીકે લઈને ઈનોવેશનની સ્થિતિ તેમણે સમજાવતા ટાંક્યું હતું કે, **'ઈનોવેશનના વિશાળ વૃક્ષના થડથી ઉપર ચડીને મુખ્ય ડાળના છેડા સુધી મનુષ્ય પહોંચી ગયો છે. પરિવર્તન લાવનારી શોધો લગભગ થઈ ચૂકી છે. પૈડું, વીજળી, એરોપ્લેન, ટેલીફોન, ટ્રાન્ઝિસ્ટર, ઈન્ટરનેટ વગેરે. મનુષ્ય હવે ડાળીના છેડે લટકી પડ્યો છે. એટલે મનુષ્ય પાસે જૂના સંશોધનોને અપડેટ કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. ઈનોવેશનની સંખ્યા ઘટી રહી છે અને બે શોધ વચ્ચેનો ગાળો પણ લંબાતો રહ્યો છે.'** દોઢ દાયકા અગાઉ એક ભૌતિકશાસ્ત્રીનું કથન અત્યારે જાણે સાપેક્ષ લાગી રહ્યું છે. આજે આપણે ઈનોવેશન્સ કેમ ઓછા થઈ રહ્યા છે તેની વાત કરવી નથી પણ ઈન્ફોર્મેશન ટૅકનૉલૉજીની ક્રાંતિથી પ્રવર્તમાન સમયમાં કેટલો લાભ અને હાનિ સમાજને થઈ રહ્યાં છે તેની વાત કરવી છે.

વિજ્ઞાન અને ટૅકનૉલૉજીના યુગથી આપણે સરળ, ઝડપી અને વધુ અસરકારક સંચારના સાધનોનો અનુભવ કરી શક્યા. વધુ સારી, વધુ કાર્યક્ષમ ઉત્પાદન ટૅકનૉલૉજીથી સમયનો બગાડ અટક્યો. વધુ કાર્યક્ષમ સ્ટોક મેનેજમેન્ટ અને ઓર્ડરિંગ સિસ્ટમ્સથી ઉત્પાદકતા વધી. નવીન અભિગમો વિકસાવવાની ક્ષમતાથી પ્રોડક્ટને છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડી શક્યા. ટૅકનૉલૉજીએ મનુષ્યને વધુ સરળ અને ઝડપી જીવન આપ્યું તે માન્યું પણ આ જ ટૅકનૉલૉજીએ મનુષ્યને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર ન નીકળે તેવો આળસુ પણ બનાવ્યો છે એ યાદ રાખવું. આજે ભલે વિશ્વમાં ટેકનૉલૉજી વ્યવહારો માટે સૌથી આકર્ષક રોકાણ સ્થળોમાં ભારત ત્રીજા ક્રમે છે. આધુનિક ભારતે વિજ્ઞાન અને ટેકનૉલૉજી પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કર્યું છે પણ યુવાઓ અને બાળકોમાં મોબાઈલ ક્રાંતિની કેટલી બધી અવળી અસરો પડી રહી છે તેનાથી કોણ અજાણ્યું છે. કોઈપણ ટૅકનૉલૉજીના આવિષ્કારથી સમાજને ફાયદો થાય છે અને મનુષ્યનો વિકાસ વેગીલો બન્યો તેમાં કોઈ ના નથી પણ મોબાઈલ અને ઈન્ટરનેટ ક્રાંતિથી સમાજમાં દૂષણ પણ ફેલાયું છે જેને કોઈ નકારી શકે તેમ નથી. અહીં વાત માત્ર મોબાઈલ કે ઈન્ટરનેટના આવિષ્કારની ટીકા કરવાથી અટકી જતી નથી.

મનુષ્ય ટૅકનૉલૉજી વિનાના વિશ્વની કલ્પના કરી શકતો નથી. ટૅકનૉલૉજીની વિશ્વને જરૂર છે. ટૅકનૉલૉજી એક હેતુ માટે વૈજ્ઞાનિક જ્ઞાનના વ્યવહારિક ઉપયોગનો સંદર્ભ આપે છે. તે સામાન અને સેવાઓની ઉપયોગિતાને વધારે છે અને મૂલ્ય બનાવવામાં મદદ કરે છે. તે કોઈપણ કાર્યને સરળ બનાવવામાં મનુષ્યને ફાયદાકારક છે. પરંતુ એ વાસ્તવિકતા સ્વીકારવી રહી કે ટૅકનૉલૉજીની સકારાત્મક અને નકારાત્મક બંને અસરો છે. ઘણા લોકો તેનો ઉપયોગ તેમના વિકાસ માટે કરે છે, અને કેટલાક તેનો ઉપયોગ સમાજ અને ઈકોસિસ્ટમને નુકસાન પહોંચાડવા માટે કરે છે. ટૅકનૉલૉજી દરેકના જીવનમાં કોઈને કોઈ રીતે અસ્તિત્વ ધરાવે છે. ટૅકનૉલૉજી વિના જીવન અશક્ય છે કારણ કે દરેક તેના પર નિર્ભર છે. ટૅકનૉલૉજી એવી વસ્તુ છે જે મનુષ્યની

જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરે છે. તે બિલકુલ જટિલ નથી પરંતુ જીવનને સરળ બનાવવામાં મદદ કરે છે. બદલાતા સમયની સાથે લોકોની જરૂરિયાતો પણ બદલાઈ છે અને સમયની સાથે ટૅકનૉલૉજીનો પણ વિકાસ થયો છે. ઉદાહરણ તરીકે, અગાઉના લોકો લાકડા અથવા ગેસના ચૂલા પર ખોરાક બનાવવા માટે ઉપયોગ કરતા હતા.

પરંતુ, બદલાતા સમય અને ટૅકનૉલૉજી સાથે લોકો સરળતાથી વીજળીનો ઉપયોગ કરીને માઇક્રોવેવમાં અને ઇન્ડક્શન કૂક ટોપ પર ખોરાક બનાવી શકે છે. ખોરાક બનાવવાની જરૂરિયાત બદલાઈ નથી, પરંતુ બનાવવાની રીત બદલાઈ ગઈ છે. અગાઉ, લાંબા અંતરના કૉલ કરવા માટે અઠવાડિયાનો સમય લાગતો હતો. આજે મોબાઇલ ફોનના રૂપમાં સંદેશાવ્યવહારના વિશ્વસનીય સ્ત્રોત છે કે બધુ તમારી આંગળીના વેઢે છે. લોકોની વધતી જતી જરૂરિયાતો સાથે, ટેક્નોલોજીનો પણ ઝડપથી વિકાસ થયો.

**મનુષ્યએ ઇનોવેશન્સના ઝાડ પર લટકીને પોતાના હાથે જ તેની ડાળી તોડવાનું કામ કર્યું છે.**

વિજ્ઞાન અને ટૅકનૉલૉજીએ પર્યાવરણ, આરોગ્ય અને પોષણને લાભ આપવા માટે બાયો એન્જિનિયરિંગમાં પણ મદદ કરી છે. સજીવો તથા તેમના પર્યાવરણના લાભ માટે વપરાતી કોઈપણ ઉત્પાદન બાયો ટૅકનૉલૉજીનું ઉદાહરણ છે. તબીબી ક્ષેત્રે વિજ્ઞાન અને નવા ઇનોવેશન્સએ એવા ઉપકરણોના વિકાસમાં મદદ કરી જેથી લોકોને આપણે ગમે તેવી બિમારીમાંથી સાજા કરી તેનું આયુષ્ય વધાર્યું છે. આજે ટૅકનૉલૉજીની મદદથી બહેરા લોકો સાંભળી શકે છે, મૂંગા લોકો બોલી શકે છે અને તમે કલ્પના પણ ન કરી શકો તેવી અજાયબીઓ વિજ્ઞાને કરી બતાવી છે. મનુષ્ય પૃથ્વીની બહાર અન્ય ગ્રહો સુધી પહોંચ્યા છે તેનું એકમાત્ર કારણ વિજ્ઞાન અને આઇ.ટી.નો આવિષ્કાર છે.

પરંતુ અહીં યાદ રાખવાની એક સૌથી અગત્યની બાબત એ છે કે ટૅકનૉલૉજીની તેની નકારાત્મક અસરો પણ છે. તેની નકારાત્મક અસરો પર્યાવરણને ઘણી હદ સુધી ખલેલ પહોંચાડી શકે છે. આપણે મોબાઇલ અને ઇન્ટરનેટના દૂષણથી વાકેફ છીએ આવું જ કંઇક પરમાણુ શસ્ત્રો, મશીનો, બોમ્બના આવિષ્કારથી પર્યાવરણને ભારે અસર થઇ છે. આધુનિકીકરણની લાયમાં મનુષ્ય પૃથ્વીના વાતાવરણમાં અત્યંત હદ સુધીનું નુકશાન પહોંચાડી ચૂક્યો છે. મનુષ્યના આવિષ્કારે તેના જ અસ્તિત્વ સામે સવાલો પેદા કર્યા છે. ગ્લોબલ વોર્મિંગની અસરોથી આજે પૃથ્વીનો કોઇ ખૂણો અછૂતો રહ્યો નથી. વધતી જતી વસ્તી અને પ્રદૂષણે પૃથ્વીની ઇકોસિસ્ટમને ખૂબ માઠી અસર કરી છે.

બેશક ટૅકનૉલૉજીથી ફાયદા થયા છે પણ આ જ ટૅકનૉલૉજીએ લોકોની રોજગારી છીનવી લીધી છે. ઓટૉમાઇઝેશનથી દુનિયાભરમાં બેરોજગારીનો દર સતત વધી રહ્યો છે. અગાઉ જે કામ સો વ્યક્તિ દ્વારા થતું આજે તે કામ એક મશીન કરી નાખે છે. જો ટૅકનૉલૉજીથી બેરોજગારી વધી છે સાથે તમારી અને તમારા ડાટાની સુરક્ષા ઘટી છે એ પણ યાદ રાખવું. આજે તમારો ડેટા તમારી સાથે બિલકુલ સુરક્ષિત નથી કારણ કે એવા લોકો છે જેઓ ટૅકનૉલૉજીનો ઉપયોગ જાણે છે અને હેકર્સ બની ગયા છે. નવીનતમ ટૅકનૉલૉજીનો ઉપયોગ કરીને, તેઓ ફક્ત ઘરે બેસીને તમારા કમ્પ્યુટર, બેંક એકાઉન્ટ્સ, ઓફિસ ડેટા અને ઘણું બધું હેક કરી શકે છે. ઓટીપી અને અન્ય વિગતો ઓનલાઈન શેર કરવી જોખમી બની ગઈ છે. આથી છેતરપિંડીનું જોખમ વધ્યું છે. માહિતીનો એક ભાગ ઓનલાઈન શેર કરવાનો સ્પષ્ટ અર્થ એ છે કે ગુનેગારો, હેકરો, આતંકવાદીઓ અને વિદેશી દુશ્મનોના હાથમાં ડેટા પહોંચવાની વિશાળ તકો છે આપણે હેકર્સ માટે તકો ખુલ્લી મૂકી છે.

જેટલા ટૅકનૉલૉજીના ફાયદા છે એટલા જ કે તેનાથી વધુ તેના ગેરફાયદાઓ છે. ઈન્ટરનેટથી લોકો સરળતાથી વિચલિત થાય છે. મોબાઈલના જમાનામાં કોઈ ફળદાયી વસ્તુમાંથી પસાર થવાને બદલે વિવિધ ગેજેટ્સનો ઉપયોગ કરીને લોકો સરળતાથી વિચલિત થઇ રહ્યા છે. સોશિયલ મીડિયાએ બાળકોથી લઇને યુવાઓ, વડીલો અને વૃદ્ધોને વ્યસ્ત બનાવી દીધા છે. ઇન્સ્ટાની ૩૦ સેકેન્ડની રીલ જાણે જીવન હોય તે રીતે વર્તી રહ્યા છે. આમાં કોઇ બાકાત નથી. વ્યક્તિ પોતાના ઘરનો નજારો જોઇ અનુભવી શકે છે. ઇન્સ્ટાની રીલે મનુષ્યનું જીવન ખૂબ વીંખી નાખ્યું છે. બાળકોને તેમના અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બન્યું છે. કારણકે ૩૦ સેકેન્ડએ રીલ બદલાશે તેવા આભામંડળના કારણે બાળક પોતાના ફોકસ અને ગોલમાં સ્થિર થતું નથી. આવું યુવાઓ કે જે સમાજની વર્કફોર્શ છે તેઓ માટે પણ લાગુ પડે છે.

ટૅકનૉલૉજીએ મનુષ્યના સ્વાસ્થ્યને સુધારવા માટે તબીબી ક્ષેત્રે અનેક ભેટ આપી છે. પરંતુ મનુષ્યના કથળતા માનસિક સ્વાસ્થ્યમાં આ જ ટૅક્નૉલૉજી કારણરૂપ બની રહી છે. લોકોનો આજે ટૅક્નૉલૉજી પ્રત્યે એટલો ઝનૂન છે કે તેઓ પોતાના સ્વાસ્થ્યની કાળજી લેવાનું ભૂલી જાય છે. આ તેમના સ્વાસ્થ્યને અલગ અલગ રીતે અસર કરે છે. જેના લીધે મનુષ્યને આંખની દૃષ્ટિની સમસ્યાઓ, સ્થૂળતા, અનિદ્રા અને ઘણી બધી બિમારીઓની ભેટ મળી છે. કેટલાક લોકો તેમના ફોનનો ઉપયોગ કર્યા વિના સૂઈ શકતા નથી. કેટલાક તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી કારણ કે તેમને સમયાંતરે તેમનો ફોન ચેક કરવાની આદત હોય છે. કમનસીબે આ સમસ્યાઓનો હાલ કોઈ ઉકેલ જણાતો નથી.

ઇન્ટરનેટએ લોકોને અનિચ્છનીય વસ્તુઓ જોવામાં સામેલ કર્યા છે. ઈન્ટરનેટના કારણે લોકો ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનો ખોટી એપ્સ જોવામાં વ્યસ્ત થયા છે. પોર્નોગ્રાફી અને હિંસક ગેમીંગ એપ્લીકેશનના દૂષણને અત્યારથી જ અટકાવવામાં નહિ આવે તો ઘરે ઘરે ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો ઉછરશે તેમાં કોઇ શંકા નથી. આજે એટલું કહી શકાય કે ઈન્ટરનેટ અને ટૅકનૉલૉજીના કારણે જે વસ્તુઓ આનંદદાયક હતી તે હવે આનંદદાયક રહી નથી.

(સુરત)

**દર્શન**

વિનોબા અને મીરાં ભટ્ટનો એક સંવાદ
ભૂદાન યાત્રા દરમિયાન ગ્રામજનો
'ભૂમિવાળા બાબા'નું સ્વાગત કરવા માટે
પત્રમ-પુષ્પમ લઇને ઊભા રહેતા ત્યારે એક ગામમાં ઘણાં
ગ્રામજનો વિનોબાનું સ્વાગત કરવા આનંદિત ચહેરે ઊભા હતા આ જોઇ
મીરાં ભટ્ટ: 'બાબા, ગ્રામજનોના ચહેરા ઉપર ઉત્સાહ ખૂબ છે.'
વિનોબા: 'મીરા, તું એમના ચહેરા સામે તો જુએ છે,
પણ એમના પગ સામું જો!'
મીરાં ભટ્ટ: 'તરત મારું ધ્યાન ખેંચાયું કે
એકેય સ્વાગતાર્થીના પગમાં પગરખાં નહોતાં. પગરખાં શું,
શરીર ઢાંકવાનાં વસ્ત્ર પણ થીગડથાગડ?
બે ટંકના પૂરા ભોજનની સલામતી વગર
દિવસરાત હાડમાંસ ગાળતા
મારા દેશના એ ભૂમિહીન ખેતમજૂર?
ગાંધીના 'સાવ છેવાડાના માણસ'ની વાત સાંભળી હતી,
પરંતુ એનાં દર્શન તો આ પદયાત્રાએ જ કરાવ્યાં.

## ૦૪. કેળવણીના નૂતન આયામો

### શાળા નર્સરીઃ બાળ ઘડતર અને પર્યાવરણને પોષક નૂતન મિશન

સંજય આર.તલસાણીયા

આજે પર્યાવરણ એ સમગ્ર વિશ્વનો પ્રાણ પ્રશ્ન છે. રોજ દૈનિક સમાચારમાં આપણે વાંચીએ છીએ કે આજે ચીન અને મોસ્કોમાં અતિવૃષ્ટિ થઈ, ભારતમાં રેકોર્ડ બ્રેક ગરમી,ઇરાનમાં પ્રાકૃતિક આપદાએ કાળોકેર વરતાવ્યો વગેરે વગેરે. આ બધુ શું થઈ રહ્યું છે ? પ્રકૃતિ કેમ માનવજાત સામે રણે ચડી છે ? આ બધાનું કારણ સ્વયં માનવોએ જ શોધવું રહ્યું ! જો આ અંગે ખૂબ ઊંડો વિચાર કરીએ તો સમગ્ર માનવજાત જ એના મૂળમાં છે. કેમકે, આપણી સ્વાર્થી અને ભોગવાદીવૃત્તિએ પર્યાવરણને ખૂબ નૂકશાન કર્યું છે.

આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાના પર્યાવરણનું સ્મરણ કરીએ છીએ ત્યારે એ સમયે અનેક પશુ-પંખીઓ, વૃક્ષો-વનરાજી હતી, જેમાંના આજે ઘણાં પશુ-પક્ષીઓ, વૃક્ષો-વનરાજી ઓછી થઈ ગઈ છે, ઘણાં લુપ્ત થઈ ગયા છે. વૃક્ષો કપાઈ રહ્યાં છે, નદીઓ વાંઝણી બની ગઈ છે,પર્વતો અને જમીન ભૂ-માફિયાઓ દ્વારા ખવાઇ ગયા છે, રણ પ્રદેશ વધી રહ્યો છે,દરિયાના ખારા જળ ઉપજાઉ જમીનને બિન ઉપજાઉ બનાવી રહ્યાં છે. પ્લાસ્ટિકના વધુ પડતાં વપરાશથી માત્ર માનવોને જ નહીં તમામ જીવસૃષ્ટિ માટે ખતરો ઊભો થયો છે. છતાં જનતા તો ઠીક સમાજના શિક્ષિતો અને કહેવાતા શાણાલોકોના પેટનું પાણી પણ હલતું નથી ! મહાત્મા ગાંધી કહેતા કે, ‘પ્રકૃતિ કોઈ એકની તમામ ઈચ્છા પૂરી કરી શકે એટલું નથી આપી શકતી પરંતુ તમામનું ભરણ-પોષણ થઈ શકે એટલું તો આપે જ છે.’ આપણે ટકાઉ વિકાસની વાતોના બણગાં ફૂકીએ છીએ પરંતુ આપણે અઘોળ આચરણ કરતાં નથી. લોકો સરકારને દોષ દે છે સરકાર લોકોમાં જનજાગરૂકતાનો અભાવ છે એમ કહે છે. પ્રશ્ન તો ઊભો જ રહે છે ! એ માટે જવાબદાર કોણ ? આ કોણ માટે ખૂબ વિચાર કરીએ અને સમજીએ તો હજી મોડુ થયું નથી ! હજી સમય છે, જાગ્યા ત્યારથી સવાર સમજી પ્રાકૃતિક સંપત્તિને બચાવવાનું જો કોઈ ઠોસ કદમ ઉઠાવીએ તો આપણી પ્રાકૃત્તિક સંપદા આપણે બચાવી શકીએ છીએ.

એ માટે સહુથી પહેલા બાળ માનસને તૈયાર કરવું પડશે. કેમ કે જો આ નાના બાળકોમાં આપણે નાનપણથી જ વૃક્ષો પ્રત્યે મમત્વ પેદા કરી શકીશું, તો ભવિષ્યમાં તેઓ પર્યાવરણનું બહુ મોટું કામ કરી શકશે.એ માટે શાળાકક્ષાથી લઈ કૉલેજકક્ષા સુધી તેઓને માનસિક રીતે સજ્જ કરવા પડશે, એ માટે શાળા નર્સરી ઉત્તમ ઉપાય છે.

**શાળામાં નર્સરીથી-**

- બાળકોમાં વૃક્ષો પ્રત્યેની અનુકંપા પેદા કરી શકીશું.
- બાળકોને વૃક્ષોનો પરિચય આપી શકીશું.
- બાળકો ઔષધિય વૃક્ષોથી પરિચિત થઈ શકશે.
- બાળકોમાં વૃક્ષો પ્રત્યેની રુચિ અને અભિગમ બદલી શકીશું.
- બાળકોમાં વૃક્ષો પ્રત્યેના પ્રેમ પરથી તેનામાં સંવેદનાના બીજ અંકુરિત કરી શકીશું.
- બાળકોને વૃક્ષો પ્રત્યે તાદાત્મય કેળવી એ દ્વારા માનવજાત પ્રત્યે અનુકંપા સ્પંદિત કરી શકીશું.

આમ શાળા નર્સરી એ માત્ર પ્રવૃત્તિ કે પર્યાવરણલક્ષી કામ જ નથી તેના દ્વારા બાળકોમાં ચેતના અને સર્જનનો આનંદ જગાવી શકાય એમ છે, માટે આ શાળા નર્સરી એ બાળકોનું પ્રગટીકરણ કરે છે, **आत्म दीपो भव**ના વિચારને સાકાર કરે છે.

શાળા નર્સરી દ્વારા **‘એક બાલ એક ઝાડ’**ના સૂત્ર તળે જો આ કામ પ્રત્યેક શાળામાં હાથ ધરવામાં આવે તો હરિયાળી ક્રાંતિ લાવી શકાય એમ છે. જેથી ગામ,

શહેર,ગલી,મહોલ્લો અને સમગ્ર રાષ્ટ્રને તેનો લાભ થઈ શકે એમ છે. આમ શાળા નર્સરી સામાજિક વનીકરણને મૂર્તિમંત બનાવવાનું આ નાનું કદમ ભલે લાગતું હોય પરંતુ એ જ આગળ જઇને સમગ્ર દેશને હરિત કરી શકવા સમર્થ છે.

**શાળાના વિષયો સાથેનું અનુબંધઃ**

આગળ કહ્યું એ પ્રમાણે શાળા નર્સરી એ માત્ર પ્રવૃત્તિ જ નથી એક વિચાર છે, સંસ્કાર છે. તેનો સંબંધ શાળામાં શીખવાતા વિષયો સાથે તો છે જ છે ! વિશેષતઃ બાળકોના મન, બુધ્ધિ, ચેતનામાં વૃક્ષો પ્રત્યે અનુકંપા ઉદીપ્ત થાય છે.અર્થાત બાળકોના ઉછેર અને હૃદયની કેળવણી સાથે સીધો સબંધ પ્રસ્થાપિત થાય છે. આમ શાળા નર્સરી તૈયાર કરતું બાળક ઋજુ, સંવેદનભર્યું સરળ, સહજ બાળક મોટું થશે ત્યારે તે નિઃસ્પૃહી, નિઃસ્વાર્થી બનશે. આથી મોટું કેળવણી સાથે અનુબંધનું કામ બીજું કયું હોય શકે ?

- શાળા નર્સરી દ્વારા વિદ્યાર્થી વનસ્પતિ વિજ્ઞાન પણ સમજતો થાય છે. વૃક્ષ ઉછેર માટે કેટલું પાણી,ખાતર,જમીન વગેરે જાણતો, સમજતો થશે.
- કયા વૃક્ષનો વૃદ્ધિ વિકાસ કેટલો હોય છે અને શું કરવાથી એમાં વધારો કરી શકાય એ પણ એ સમજશે.
- ક્યાં છોડમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા વધુ ઝડપી અને તેના વૃદ્ધિમાં તેની અસરકારકતા ચકાશી શકશે.
- એકકોષીય, એકદળ, દ્વિદલ વગેરે વનસ્પતિઓનો ખ્યાલ વિકસી શકશે.
- વૃક્ષો,વેલીઓ વગેરેને વર્ગીકૃત કરતાં આવડશે.

આ ઉપરાન્ત બાળકોમાં શાળા નર્સરી દ્વારા અવલોકન, તર્કશક્તિ,અનુમાન-અટકળ વગેરે પણ વિકસશે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પણ ખીલશે જેમાં શંકાને સ્થાન નથી.

આમ શાળા નર્સરી દ્વારા બાળકોમાં વૃક્ષો પ્રત્યે ATTCHMANT સધાય છે. જે વિષયો તે વર્ગખંડમાં ભણે છે તેને શાળા નર્સરીમાં અનુમોદન અને પુષ્ટિ મળે છે તેથી તેના એ જ્ઞાનમાં વધારો થાય છે. સાથે —સાથે પર્યાવરણ સાથે તેનો નાતો વધુ દઢ બને છે અને તે વૃક્ષોને પોતાના સંગી-સાથી સમજતો થાય છે.

બાળકોમાં શાળા નર્સરી થકી ઔષધિય વૃક્ષોનું જ્ઞાન વધશે તેથી જીવાતા જીવનમાં જ્યારે પણ આ ઔષધિનો ઉપયોગ કરવાનો થશે ત્યારે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતો થશે. તદઉપરાંત અન્યને પણ પોતાના જ્ઞાન દ્વારા લાભાન્વિત કરશે.આ કામને પોતાનું દાયિત્વ સમજી લોકસેવા તરફ અભિમુખ થશે. એ દૃષ્ટિએ શાળા નર્સરીની ઉપાદેયતા વધી જાય છે.

**શાળા નર્સરી દ્વારા શ્રમ અને જાત મહેનતનું ગૌરવ-**

શાળા નર્સરી દ્વારા પ્રત્યેક બાળકને સર્જન સાથે આનંદ મળશે. એ માટે-

- બાળકોની વયકક્ષા પ્રમાણે કામની વહેંચણી કરવામાં આવશે.
- નાના બાળકોને બીજ અલગ કરવા કિશોરોને જુદા-જુદા બીજના વર્ગીકરણ કરવા કહેવું,મોટા બાળકોને વૃક્ષોના બીજ લાવવા કહેવું આમ કામનું વિભાજન કરવામાં આવશે.
- ધોરણ-૬ થી ૮ના બાળકોને વૃક્ષોના નીચે નાની ક્યારીઓ કરાવવી જેમાં, ત્રિકમ પાવડો અને તગારાની જરૂર પડે છે કે જે બાળકો પોતાના ઘેરથી લાવી શાળાને મદદરૂપ થઈ શકે.
- ધોરણ-૩,૪, ૫ના બાળકો નાની-નાની કોથળીમાં માટી ભરે અને જે જગાએ ક્યારીઓ કરી છે ત્યાં પહોચાડે, કોથળીને પદ્ધતિસર ગોઠવે,કોથળીમાં નીચે છેદ કરશે જેથી વધારનું

પાણી નિતરી જાય.

- ધોરણ- ૭ અને ૮ના બાળકો તૈયારમાં કોથળીમાં જુદા-જુદા બીજ વાવશે.
- ધોરણ-૫ અને ૬ના બાળકો વાવેલ બીજને ધીમી ધારે પાણી પાશે.
- શિક્ષક અલગ અલગ ધોરણને જુદી-જુદી ક્યારીઓ વહેંચી દેશે, જેથી તેનો ઉછેર કરી શકે.
- શિક્ષક શાળા પરિસરમાં જે જગાએ, દીવાલની અંદર બહાર અને શાળાના રસ્તાઓ પર વૃક્ષ વાવવાના બાકી છે ત્યાં ફૂટ-ફૂટના ખાડા ખોદશે અને તેમાં કાંપવાળી સારી માટી ભરશે.
- જ્યારે છોડ રોપવા જેવા થાય ત્યારે જે ખાડાઓ તૈયાર કરેલા છે ત્યાં વૃક્ષો વાવશે અને તેમાં પાણી પાશે.
- જે જગાએ વૃક્ષો વાવેલા છે તેને શિક્ષક ધોરણ પ્રમાણે ફાળવણી કરશે.
- વૃક્ષોની ફાળવણી બાદ જે તે વિધાર્થીઓ, વૃક્ષોના રક્ષણ માટે રક્ષિત વાડ કરશે.

આમ શાળા નર્સરીમાં પ્રત્યેક નાના-મોટા કામમાં શિક્ષક સ્વયં જાતમહેનત કરશે અને તેમાં બાળકોને સાથે જોડાશે આ કામથી થાક કે બોજ તો નહીં જ લાગે પરંતુ પર્યાવરણનું ઉત્તમ કામ થઈ શકશે અને તેઓને સર્જનનો આનંદ પણ મળશે.

**શાળા નર્સરી આર્થિક ઉપાર્જનનું માધ્યમ –**

શાળા નર્સરી તૈયાર કરાવનાર માર્ગદર્શક શિક્ષક અને વિદ્યાર્થીઓ ધારે તો પોતાની શાળા અને શાળા બહાર વૃક્ષો વાવ્યા બાદ જે વૃક્ષો વધ્યા છે, તેને શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે નહીં નફો નહીં નુકસાનના ધોરણે તૈયાર રોપનું વેચાણ કરી આર્થિક વળતર પણ મેળવી શકે છે. જો વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષક ધારે તેમજ આ અંગે આગોતરું આયોજન કરે તો -

- ફળઝાડ- આંબો, ચીકુ, ઝમરૂખડી, નાળિયેરી, દાડમડી વગેરેના રોપ તૈયાર કરી શકાય.
- ફૂલછોડ- મોગરો, જુહી, ચંપો, કરેણ, કેતકી, કેના, જાસૂદ, બારમાસી,ગલગોટા વગેરેના કટકા કલમ, અથવા પીલા ઉછેરી શકાય.
- ઔષધિય છોડ- તુલસી, અરડુસી, કરિયાતું, એલોવેરા, શતાવરી વગેરે રોપ તૈયાર કરી શકાય.
- અન્ય વૃક્ષો- લીંબડો,સરગવો, લીંબુડી, આંબલી વગેરે રોપ તૈયાર કરી શકાય.

આમ કુનેહ બુદ્ધિવાળો શિક્ષક અને મહેનતુ વિદ્યાર્થીઓ જો ધારે તો શાળા નર્સરી દ્વારા સારું એવું આર્થિક વળતર પણ મેળવી શકે અને સૌથી મોટી વાત એ કે જ્યારે એ બાળક મોટો થાય ત્યારે તેની પાસે આજીવિકાનું આ હથિયાર હાથવગું હશે તો તે કદી કોઇની નોકરીનો ઓશિયાળો કે લાચાર નહીં બને. એટલેકે શાળા નર્સરી વિદ્યાર્થીઓને સ્વાવલંબી અને સ્વનિર્ભર બનાવે છે. તેથી શાળા નર્સરી પર્યાવરણના કાર્ય સાથે-સાથે વિદ્યાર્થીને આત્માનિર્ભર પણ બનાવવામાં ઉપયોગી સિદ્ધ થાય છે.

**પર્યાવરણ સાથે સીધો નાતો-**

શાળા નર્સરી પર્યાવરણને સીધી જ સ્પર્શે છે, કેમકે શાળા નર્સરીનો સૌથી પહેલો ફાયદો શાળાના ભાવાવરણને વૃક્ષોને આચ્છાદિત કરશે. શાળા પરિસર હરિયાળું બનશે તેમજ ગામ, શહેર, રસ્તા ગલીઓ, નદી-તળાવના કાંઠાઓ ખેતરના શેઢાં લીલાછમ બનશે જેથી ગામ અને સીમાડાઓ નંદનવનમાં પરિવર્તિત થશે. શાળા નર્સરી માત્ર સ્કૂલને જ ગ્રીન સ્કૂલ નહીં બનાવે પરંતુ શાળાના બાળકો અને શિક્ષકોની માનસિકતાને પણ ગ્રીન બનાવશે. આ વિદ્યાર્થીઓ મોટા થઈ જ્યાં-જ્યાં જશે ત્યાં અનેક વૃક્ષો વાવશે, અન્યને પ્રેરિત કરશે અને પોતે વૃક્ષનો ચાહક બનશે.

જો આગામી સમયમાં શુદ્ધ હવા,પાણી અને ખોરાકની આપણે સહુ અપેક્ષા સેવતા હોઈએ તો શાળા નર્સરીને પ્રત્યેક

શાળામાં સ્થાન આપવું જ રહ્યું. એજ અંતિમ રસ્તો છે પર્યાવરણના જતન અને સંવર્ધન દ્વારા ભાવિ જીવનની સુખાકારિતાનો ! તો ચાલો વિદ્યાર્થીઓ આપણે સહુ સાથે મળીને જાત મહેનતને જોરે શાળા નર્સરી તૈયાર કરીએ અને શાળા તેમજ ગામ-શહેરને હરિયાળું બનાવીએ.

**શાળા નર્સરી પર્યાવરણ અને સમાજને પોષક તેમજ ઉપયોગી-**

શાળા નર્સરી માત્ર ગામ-શહેર અને દેશને જ નથી સ્પર્શતી સાથે-સાથે તેને બૃહદ રીતે પરખી એ તો વૈશ્વિક ફલક પર તેની ઉપાદેયતા વધી જાય છે. જો સમગ્ર ગુજરાત અને દેશના તમામ બાળકો એક બાળ એક ઝાડની વિભાવના મૂર્તિમંત બનાવે તો દેશને હરિયાળો અને નંદનવન બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ શકે એમ છે.

શાળા નર્સરી એ માત્ર રોપ ઉછેરવાની અને તેના વાવેતરની જ વાત નથી, આ પ્રવૃત્તિ દ્વારા બાળ માનસને તૈયાર કરવા,વૃક્ષો પ્રત્યે સહાનુભૂતિ પેદા કરવી અને જનજાગૃતિ લાવવાનું એક મિશન છે.

આ ઉપરાંત શાળા નર્સરી એ માત્ર એક કે બે વર્ષ ચલાવીને બંધ કરી દેવાની પ્રવૃત્તિ નથી દર વર્ષે તેમાં સુધારો લાવી નૂતન પ્રયોગો સાધવાની અને એ દ્વારા પર્યાવરણને સમૃદ્ધ બનાવવાની યોજના છે.

**શાળા નર્સરી દ્વારા ....**

- અન્ય પ્રાંત-પ્રદેશના જુદા- જુદા વૃક્ષોને લાવી ઉછેરવા.
- દેશને દુર્લભ પ્રજાતિઓના વૃક્ષોનું જતન અને સંવર્ધન કરવાની આ એક પ્રકારની પર્યાવરણ-લેબ તૈયાર કરી શકાય.
- વૃક્ષોથી આકર્ષાઈને અનેક પંખીઓ તેના પર આસરો બનાવશે અને વાતાવરણ કિલ્લોલમય બનશે.
- શાળા અનેક પ્રકારના વૃક્ષો, વેલીઓથી સુશોભિત બનશે અને વાતાવરણ શુદ્ધ બનશે.
- શાળા,ગામ, ખેતર-વાડી,નદી-તળાવ વગેરે જગ્યા વાવેલ વૃક્ષોથી અતિવૃષ્ટિથી જે જમીન ધોવાણના પ્રશ્નો ઊભા થયા છે તે ઘટશે, જમીનની ફળદ્રુપતા ટકી રહેશે.
- વૃક્ષોના વાવેતરથી વોટર લેવલ ઊંચું આવશે અને પાણીના પ્રશ્નો હળવા બનશે.
- અલગ-અલગ પ્રકારના વૃક્ષો-વેલાઓ, વનસ્પતિઓના વાવેતરથી પશુપાલકોને પૂરતા પ્રમાણમાં ઘાસચારો મળી રહેશે.
- લોકોને ફળ-ફળાદી સસ્તા મળશે જેથી સામાન્ય માણસ પણ ફળો આરોગી શકશે અને આરોગ્યપ્રદ જીવન જીવી શકશે.
- ગામના ગૌચર,પડતર જમીન,મંદિર પરિસર,નદી અને તેની આસપાસનો વેરાન વિસ્તાર શાળા નર્સરી દ્વારા તૈયાર થયેલા રોપા અને તેના વાવેતરથી વૃક્ષ-આચ્છાદિત બનશે,આમ અનેક હેતુઓ પરિપૂર્ણ થશે.

પ્રત્યેક શાળાઓમાં શાળા નર્સરીને પ્રોત્સાહન આપવામાં આવે, વિદ્યાર્થીઓને રસ જાગૃત કરવામાં આવે તો પર્યાવરણ સુધારણા સંદર્ભે બહુ મોટું કાર્ય થઈ શકે એમ છે. મહાત્મા ગાંધી ટકાઉ વિકાસની જે વાત કહેતા હતા તેને પોષક અભિગમ આ શાળા નર્સરી છે.

આઓ, આપણે સહુ સાથે મળી શ્રમદાન અને સમયદાન કરી શાળા નર્સરીને આપણું પોતીકું કામ સમજીએ અને ધરતીને નંદનવન બનાવી પ્રકૃતિનું ઋણ અદા કરીએ.

।। मूल ब्रम्ह त्वचा विष्णुः शाखा रुद्र महेश्वरः
पत्रे पत्रे तू देवानाम वृक्षशज नामोस्तुते ।।

(શ્રેયાન વ્યાખ્યાતા, તાલીમ ભવન ભાવનગર, મો.૯૪૨૭૬૬૮૦૮૩)

## ખબરદાર ! આંધળુકિયા અમલ પહેલાં સાત ગળણે ગળીએ

હીરજી ભીંગરાડિયા

---

તમે જ કહો ! જો એટલી ગતાગમ જ ન હોય કે સાચી પ્રશ્નોતરી કરી, વસ્તુ કે બનાવટ અંગે પાક્કી ખરાઇ કરી શકીએ ! અને આપણામાં જ આ સામે પડેલી ચીજ હીંગ છે કે મરી તે પારખવાની પહોંચ ન હોય તો વેપારી શું કામ ઢીલું મૂકે ભાઇ ! એ તો ખેડૂત ક્યારે દુકાનના પગથિયાં ચડે અને ક્યારે તેને વેતરી પાડું તેવા મનસુબા સાથે હાથમાં ગજ-કાતર લઇને જ જાણે રાહ જોઇ રહ્યાં હોય ! મારે જરા આકરા શબ્દોમાં કહેવું પડે છે કે હવેતો ખેડૂત દુકાને આવે એનીય રાહ જોવાની વેપારીઓમાં ધીરજ રહી નથી. ખેડૂત ખેતર-વાડી કે સીમ-શેઢે જ્યાં હોય ત્યાં પહોંચી જવાનું, તેને અષ્ટંપષ્ટં સમજાવાનું, પોતાના દ્વારા વેચાતી ચીજ-વસ્તુનો ઉપયોગ તે કરશે તો ઉત્પાદનના ઢગલે ઢગલા અને પૈસાની પેટીઓ ભરાઇ જશે એવી વાત ગળે ઉતરાવી, રોકડા ન હોય તો મોસમ પાકે ત્યાં સુધી ઉધારી રાખીને પણ માલ પરોવી આપે ! અને ખેડૂત એટલુંયે ન વિચારે કે આ ઉધારી તે થોડા વખત માટે પૈસાની ખમત આપી આપણા પ્રત્યે દેખાડેલી હમદર્દી નથી પણ મનમાન્યા ભાવ અને ચક્રવૃધ્ધિ વ્યાજની ચુંગાલ છે ! અરે ! કામમાંથી હાથ જરા ઢીલા કરી , આપણા જ હૈયે હાથ રાખી એટલુંયે ન પૂછીએ કે " ભલા આ બધા ગાડીઓના પેટ્રોલ બાળી, આકાશ પાતાળ એક કરી, આપણી ભાળે મામા-માસીના હોય એમ નીકળી પડે તો એના બૈરી-છોકરાં ખાય શું ? એમાનાં મોટા ભાગના તો બુધ્ધિશાળી જ નહીં, બુધ્ધિશાળીના બાપ હોય છે. એ બરાબરના સમજે છે કે ધંધો કરવામાં ખેડૂત જેવું મીઠું કૂળ બીજું મળવાનું નથી ! જાણે આંકડે મધ અને માખો વિનાનું !

**આ બધું શું છે ? - કંઇ નથી, છતાં બધું છે ! :**

હમણા થોડા દિવસ પહેલાં અમારી વાડીએ એક નવી જીપ્સી ગાડી આવીને ઊભી રહી. અંદરથી ચાર જુવાનિયા અપટુડેટ પોશાકમાં, સેંટબેંટની સુગંધ સાથે નીચે ઉતર્યા. રામ..રામ...કર્યા પછી અમારી ખેતીના વખાણ શરૂ કર્યા. ' હીરજીભાઇ ! તમારી ખેતીની વાતો અ,બ,ક, ત્રણ ઠેકાણેથી અમે સાંભળ્યા પછી તમને ખાસ મળવા અને તમારા માટે ખાસ લાભ થાય તેવી પ્રોડક્ટસ તમને આપવા આવ્યા છીએ. આ રહી —જૂઓ !' મે પુછ્યું 'આ શું છે ?' તો કહે 'આ નથી ખાતર, નથી જંતુનાશક કે નથી હોર્મોંસ,. છતાં તમે આપેલ ખાતરનો પૂરેપૂરો ઉપયોગ અને તમે આપેલા પાણીનો કાર્યક્ષમ ઉપયોગ,ઉપરાંત છોડની પાણીની જરૂરિયાતમાં ઘટાડો, જમીનની ભેજ-ધારણ શક્તિમાં અને છોડવાની તંદુરસ્તીમાં ઉમેરો, એટલે તમારે તો લાભ જ લાભ ! ઉત્પાદનનાં સમજોને ઢગલા જ ઢગલા !' કહો મારા તો ભાગ્ય ઉઘડી ગયાને ! ઘેર બેઠા ગંગા ! હવે રહે કોઇ જાતની ઉણપ ?

**કલમોનો ઇલમી વેપાર :**

બાજુના રાજપીપળા ગામે સબંધીને ત્યાં જવાનું થયું. આંગણામાં ચીકુ,લીંબુ અને જામફળીના ઉછરતા ઝાડ જોયાં. હું રહ્યો ઝાડવાનો જીવ ! પૂછી બેઠો " ક્યારે લગાડ્યા છે આ ઝાડવા ? ક્યાંથી લાવ્યા હતા એના રોપ -કલમો ?" કહે " લાવ્યા તો હતા નાળીયેરી, આંબા, દાડમી જેવા ઘણાં રોપ-કલમો, એ બધા સુકાઇ ગયા ને આ ત્રણ વળી મરવા વાંકે જીવી રહ્યા છે. આમ અમે કોઇ નર્સરીમાંથી લાવ્યા નથી.પણ એક ભાઇ સરસ ફોટાવાળું આલ્બમ લઇને આવ્યો હતો, રોપાદીઠ ૧૫૦ રુપિયા ડીપોઝીટ રૂપે લઇ ગયો હતો ને ઘેરબેઠા આપી ગયો તે અમે ચોપ્યાં હતા."

બોલો ! આપણા આખા ગુજરાતમાં શું બગીચાઓ કે નર્સરીઓનો તોટો પડી ગયો હતો કે છેક કહેવાતા હૈદ્રાબાદના

અજાણ્યા લેભાગુ રોપ વેચવાવાવાળાને ફાંટે પૈસા બંધાવ્યા? એ તો મુરગા શોધવા નીકળેલા-આપણે જડી ગયા ! એમાં એનો શું વાંક ભાઇ ?

**સત્ત્વનું નહીં નામ કે નહીં પ્રમાણ – એવા ખાતરો :**

હમણા હમણા સજીવખેતીનો નવો અભિગમ શરૂ થયો છે. વેપારીઓની વિચક્ષણ બુધ્ધિએ એ વાત પકડી પાડી. નહીં કોથળી ઉપર શેનીય ટકાવારી જણાવવાની ઝંઝટ કે નહીં ભાવબાબતે કોઇ બંધન ! ખરેખર અંદર શું હશે તે એ ભેળવવાવાળો જાણે અને બીજો જાણે ઉપરવાળો ! આપણને તો કશી ખબર નથી ? અંદર ભેળવ્યા હોય થોડા ગાંડાબાવળના બીયાનો ભૂક્કો, થોડું જીપ્સમ, અને બાકી કાળી બીયા જેવી તળાવની માટી ને થોડીક નાખી હોય માલીપા ખાટી છાશ ! કોણ તપાસ કરે કે કોણ કરે ખરાઇ ભાઇ ! હાલે ત્યાં સુધી હાલવા ઘો ! આવા એક ખાતરના ઉત્પાદક આવીને મને કહે " હીરજીભાઇ, તમે કહો એટલું તમારું કમીશન આમાં તમતમારે મોઢે બોલોને ! તમારી પરિચિત દસ-વીસ મંડળીઓમાં થોડી ટ્રકો કઢાવી ઘો એટલે ભાઇબંધ માનું !"

**ખેડૂતોને નવરાવી નાખવાની ઝાળ :**

ધોળી મૂસળી,સરગવા, યલોવેરા,બારમાસી જેવા કૈંક ઔષધિય પાકોની ખેતીના પ્રચારકોનો એકદમ-ડુંગરમાં દર આડેથી સીલ છૂટી જાય અને તીડના ટોળાં ઊમટી પડે તેમ – ખેડૂત ઉપર વાદળું બની છવાઇ રહ્યાં છે. હું આવી ખેતીનો વિરોધી નથી. પણ જે રીતે અત્યારે "લાવો પૈસા અને લઇ જાઓ રોપા,માલ તમારો જે પાકશે તે બધો ચોક્કસ ભાવે ન ખરીદીએ તો બદલામાં લ્યો સ્ટેમ્પ ઉપર લખાણ ! પણ ઉતાવળ રાખો." એક પાર્ટીની આવી વાતો સાંભળી, ખેડૂતોની મંડળી સાથે લઇ સ્થળ પર ગયો હતો. તેણે જે વાતો કરી હતી તેવું તેનું ફાર્મ પણ જોવા ના મળ્યું. ખાલી છાપાંઓમાં જાહેરાતો અને ઓફીસનો ભપકો જ આંખો આંજી દે તેવા ! આવા લોકોની ઝાળમાં ખેડૂતોને ભેરવાઇ જતા મુદ્દલેવાર લાગતી નથી.

**અફવાઓની વાંહે દોટ :**

"જૂની દવાઓની ઇયળોને ટેવ પડી ગઇ છે. અરે ! ચૂસિયાં એ જૂની દવાના બંધાણી થઇ ગયા છે. આ રહી અમારી તદ્દન નવી શોધ ! અને સાવ જૂદા જ પ્રકારનું ઝેર ! જીવડાંના તો છાટ્યા ભેળા બે કટકા થઇ ગયા સમજોને !" આવું કહેનાર વેપારીની પાછળ પડી જઇએ, તે દવા તેની નક્કી કરેલી કંપની કિંમતે ન મળે તો ઓન દઇએ, અરે ! સગાવહાલા કે કોઇ ઓળખીતાની વગ લગાડીએ અને ત્રણસોની દવા તેરસોમાં મેળવીને જંપીએ ! છાટ્યા પછી જો સારું પરિણામ દેખાય તો દવાના કરીએ વખાણ ને નહીં તો આપણા ભાગ્ય,બીજું શું ? આપણે તો એક અફવા વહેતી થઇ નથી કે તેની પાછળ દોડ્યા નથી ! ખેડૂતોમાં મોટો ભાગ અભણ છે, બીજાના કહ્યામાં જલ્દી આવી જાય તેવો ભોળો છે, કોઇનામાં આંધળો વિશ્વાસ જલ્દીથી મૂકી દે તેવો છે, એટલે એને ભાગે માર ખાવા સિવાય બીજું કંઇ વધે નહીં તે સમજાય તેવી વાત છે ભાઇઓ !

**બિયારણમાંયે વિશ્વાસઘાત અને સરકાર મૌન ! :**

સરકારના સંશોધન કેંદ્ર ઉપરથી બિયારણની એક નવી જાત બહાર પાડતા વરસો લાગી જાય છે. પણ તે બધી મુશ્કેલીઓ સામે જજૂમી વધુ અને સારું ઉત્પાદન આપવા બાબતે સફળ છે તેવો અભિપ્રાય બંધાય છે ત્યારપછી તે વરસો સુધી ખેડૂતોને રળાવતી રહે છે. જ્યારે આજે પ્રાઇવેટ કંપનીઓનો રાફડો ફાટ્યો છે.હજુ પોતે પણ પરિણામની પૂરતી ચકાસણી ન કરી શક્યા હોય ત્યાં "ટૂથફૂલ"ના લેબલ સાથે બિયારણને બજારમાં મૂકી દે ! પણ સરકારનું ખેતીવાડી ખાતું શા માટે આ બધી બાબતોમાં આંખ આડા કાન કરે છે તે સમજાતું નથી. કોઇ જાતની ખરાઇ બાબતની સેંસરશીપ જ નહીં ! વિસ્તાર, જમીન, પાણી અને પર્યાવરણ પ્રમાણે જ જે જાતો સિધ્ધ થયેલ હોય તેને જ ખુલ્લી મૂકાતી હોય તો ખેડૂતોને કઇ જાત પસંદ કરવી તે બાબતે યોગ્ય નિર્ણય લેતા ફાવે.

**આપ મૂવા વિના સ્વર્ગે ન જવાય :**

ખરું કહીએ તો આપણે ખેડૂતો જ એવા સક્ષમ બનીએ

કે આપણે જ આપણા પાક, પાણી, જમીન અને આબોહવા તેમજ જરૂરિયાત જોઇને, પરિસ્થિતિનો અભ્યાસ પામીને ક્યા પાકનું, ઝાડનું કે જાતનું વાવેતર કરવું, તેમાં ક્યા ખાતરો દેવા? રોગ કે જીવાત લાગે ત્યારે કઇ દવાનો આશરો લેવો? વગેરે જાતેજ નક્કી કરતા થઇએ. બજારમાં તો ઘણુંબધું ભલેને મળે ! વેપારીઓ તો ધંધો લઇને બેઠા છે, આપણે આમાંથી શું છોડવું અને શું અપનાવવું- એનો જાતે નિર્ણય લેતા થઇ જઇએ એટલે બસ ! કૃષિક્ષેત્રની વિદ્યાપીઠો, સંશોધન કેન્દ્રો તેમજ કૃષિવિજ્ઞાનીઓ અને વિષયનિષ્ણાંતો ઉપરાંત અનુભવી ખેડૂતોના સહવાસમાં રહેતા થઇ ખેતીના વિજ્ઞાનથી વાકેફ થઇએ, આપણી પાસે આવતી અજાણી વાતને બરાબર વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણની સરાણે ચડાવી ચકાસીએ અને સારી લાગે તો પ્રથમ થોડો નાનો પ્રયોગ કરી જોઇએ. તેમાં બીજાના અનુભવો પણ ભેળવીએ અને એ રીતે આગળ વધીએ તો ખેતીને સજ્જડ રીતે ટકાવી શકાશે. નહીં તો અનુકરણની આંધળી દોટમાં આંખનું કાજળ ગાલે ઘસાઇ જવાની પૂરી ભીતિ રહેલી છે.

(પંચવટી બાગ માલપરા. જિ ભાવનગર મો.૯૩૨૭૫૭૨૨૯૭)

---

**વહે છે...**

એક બૌદ્ધ સાધક ગીત ગાતો હતોઃ
'પાણી મેલું કેમ થતું નથી ?
કારણ કે એ વહે છે.
પાણી સડતું કેમ નથી ?
કારણ કે એ વહે છે.
પાણી બધાને નિર્મળ કેમ કરે છે ?
કેમ કે એ નિર્મળ છે.
પાણીના માર્ગમાં અડચણો
કેમ નથી આવતી ?
કેમ કે એ વહે છે.
પાણીના એક ટીપામાંથી ઝરણું,
ઝરણાંમાંથી નદી, નદીમાંથી મહાનદી અને
મહાનદીમાંથી સમુદ્ર કેમ બને છે ?
કેમ કે એ વહે છે.
આથી, હે મારા જીવ તું રૂંધાઇ ન જા.
વહેતું રહે, વહેતું રહે...'

**લોકપ્રિય અસત્ય**

'પૃથ્વી પર વધારેમાં વધારે વખત બોલાતું સૌથી
લોકપ્રિય અસત્ય કયું ?
જવાબ છેઃ 'આઇ લવ યુ'
આ વાકયના બોલનારાઓએ પોતાના જૂઠ દ્વારા લાખો મુગ્ધ સ્ત્રી-પુરુષોને દગો દીધો છે.
પૃથ્વી પર જો આ એક જ વાકયમાં
સત્યનો પ્રકાશ ઉમેરાય જાય તો જરૂર
પ્રત્યેક ફળિયામાં કે પોળમાં કે યુનિવર્સિટી કેમ્પસ પર સ્વર્ગ ઊતરી આવે એ શકય છે.'

-- ગુણવંત શાહ

## ૦૬. અભિવ્યક્તિ

### વિનોબાજીનાં ગીતાપ્રવચનો

કાલિન્દી પરીખ

---

વિનોબા ભાવેનાં ગીતાપ્રવચનો સ્વયં ગીતા જેટલા જ લોકપ્રિય અને સર્વવ્યાપક બન્યાં છે કારણ કે ગીતાએ પ્રબોધેલા સિદ્ધાંતોને ગાંધીજીની જેમ પોતાના આચરણમાં ઉતારી તેનું પરીક્ષણ કરી લોકહિતાર્થે તેમણે આ પ્રવચનો આપ્યાં છે. પહેલી દૃષ્ટિએ જ આ પ્રવચનોની મૌલિકતા, તાજગી અને સ્વાભાવિકતા સ્પર્શી જાય છે. ઈ.સ.૧૯૩૨માં ધૂલિયાની જેલમાં વિનોબાજીએ આ પ્રવચનો આપ્યાં હતાં. સાનેગુરુએ તે લખી લીધાં હતાં, જાણે કે વ્યાસને ગણપતિ મળ્યા.

ગીતામાં જીવનના ત્રણ મહાસિદ્ધાંતો રજૂ થયેલા છેઃ

(૧) આત્માની અમરતા અને અખંડતા

(૨) દેહની ક્ષુદ્રતા અને

(૩) સ્વધર્મની અબાધ્યતા.

આમાંનો સ્વધર્મનો સિદ્ધાંત કર્તવ્યરૂપ છે. વિનોબા સ્વધર્મને માની ઉપમા આપે છે. માની પસંદગી કરવાની હોતી નથી, તે આગળથી થઈ ચૂકી હોય છે. મા ગમે તેવી હો, મા મટી શકતી નથી. એવી જ સ્થિતિ સ્વધર્મની છે. સ્વધર્મ એવો સહેજે આવી મળનારો છે કે માણસને હાથે સહેજે તેનું આચરણ થયા વિના રહે નહીં. માછલીને માટે પાણીમાં તરવું તે તેનો સ્વધર્મ છે, દૂધમાં તે મરી જશે. આથી જ ભગવાન ગીતામાં કહે છે, 'સ્વધર્મે નિધનેડપિ શ્રેયો, પરધર્મો ભયાવહા' કર્મયોગી ખેડૂત સ્વધર્મ સમજીને ખેતી કરશે પણ ખાલી પેટ ભરવાને તે ખેતીનું કર્મ નથી કરતો. વિશ્વને અન્નપ્રદાન કરવાની ભાવના હોવાથી તેનું કૃષિકર્મ કર્મયોગનો દરજ્જો પામે છે.

ભાવનાથી પૂત થયેલું કોઈપણ કર્મ વિકર્મ બની જાય છે. તેમાં ફળની આસક્તિ ન હોવાથી અંતતોગત્વા કર્મ જ અકર્મ બની જાય છે. હૃદયની ભીનાશને કારણે કર્મને જ્ઞાન અને ભક્તિનાં ફળ-ફૂલ બેસે છે.

વિનોબા કહે છે, **'કર્મની જોડે આંતરિક મેળ હશે તો તે કર્મ જુદું જ પડશે. તેલની દિવેટની જોડીની સાથે જ્યોત ભળવાથી પ્રકાશ પડે છે. કર્મની સાથે વિકર્મ જોડવાથી નિષ્કામતા કેળવાય છે. દારૂગોળાને આંચ લગાડવાથી ભડકો થાય છે. એ દારૂગોળામાં શક્તિ નિર્માણ થાય છે. કર્મ આ બંદૂકના દારૂ જેવું છે. તેમાં વિકર્મની આંચ લાગતાવેંત કામ પાર પડે છે. વિકર્મ દાખલ થયું ન હોય ત્યાં સુધી એ કર્મ જડ રહે છે. તેમાં ચૈતન્ય હોતું નથી. વિકર્મની ચિનગારી જડ કર્મમાં પડતાંની સાથે તે કર્મમાં જે સામર્થ્ય ઉત્પન્ન થાય છે, તેનું વર્ણન થઈ શકે એવું નથી.ચપટીભર દારૂને ખિસ્સામાં રાખી શકાય છે, હાથમાં રમાડી શકાય છે પણ તેને આંચ લગાડવાની સાથે શરીરના ફુરચેફુરચા ઊડી જાય છે. સ્વધર્માચરણમાં રહેલું અનંત સામર્થ્ય એવું જ ગુપ્ત હોય છે. તેને વિકર્મનો સાથ આપી જુઓ. પછી કેવી ઊથલપાથલ થાય છે તે જોજો. અહંકાર, કામ, ક્રોધ એ બધાંના ધડાકાથી ફુરચેફુરચા ઊડી જશે અને તેમાંથી પછી પરમજ્ઞાનની નિષ્પત્તિ થશે. આ રીતે કર્મો કરવાથી તે બધાંયે કર્મ કરતા રહેવા છતાંયે અલિપ્ત રહે છે.'** વિનોબા આવા કર્મને વિશિષ્ટ કર્મ કહે છે. અન્ય વિદ્વાનો વિપરીત કર્મ એવો અર્થ કરે છે. વિનોબા અહીં બધાથી અલગ પડે છે. પરંતુ તેમનો આ વિભિન્ન દ્રષ્ટિકોણ કર્મરૂપી પુષ્પને વિમળતાની સૌરભ અર્પે છે.

સંન્યાસનો આ માત્ર એક પ્રકાર થયો. બીજા પ્રકારમાં તે કોઈપણ કર્મ કરતો નથી છતાં આખી દુનિયા પાસે કામ કરાવે છે. તેનામાં પાર વગરની શક્તિ છે. અનંત કાર્ય કરવા માટેની જરૂરી શક્તિ અકર્મમાં ભરેલી હોય છે. વરાળને પૂરી રાખો તો પ્રચંડ કામ કરે છે. એ પૂરી રાખેલી વરાળમાં

અપરંપાર શક્તિ પેદા થાય છે. મોટી મોટી આગગાડી તે સહેજે રમતમાં ખેંચી જાય છે. આમ કશું ન કરવા છતાં રાત-દિવસ અનંત કર્મો કરવા એ સંન્યાસનું બીજું પાસું છે.

આમ હોવા છતાં ભગવાન કર્મયોગને સંન્યાસ કરતાં ચડિયાતો કહે છે. કારણકે કર્મ ન કરવા છતાં કર્મ કરવાનો પ્રકાર એકલા સિદ્ધ માટે જ શક્ય છે. જરાયે કર્મ ન કરવા છતાં કર્મ કેવી રીતે કરવું એ સાધકને ગૂઢ લાગશે, સમજાશે નહીં. સાધકને માટે કર્મયોગ રસ્તો છે તેમ મુકામ પણ છે. આથી સાધકની દ્રષ્ટિએ સંન્યાસ કરતાં કર્મયોગ ચડિયાતો છે. શાસ્ત્રની ભાષામાં આ વાત કહેવી હોય તો એમ કહેવાય કે કર્મયોગ સાધન છે અને નિષ્ઠા પણ છે. નિષ્ઠા એટલે અંતિમ અવસ્થા.

હવે આ નિષ્ઠા આવે કઈ રીતે? તો કહે ચિત્તની એકાગ્રતા વડે અને ચિત્તની એકાગ્રતા સમ્યક્તા અને સમદર્શિતાથી આવે છે. આપણામાં તો વિનોબા કહે છે તેમ કાં તો શૂન્યાગ્રતા છે અથવા અનેકાગ્રતા છે. એકાગ્રતા ક્યાંયે નથી. મનુષ્ય ઈન્દ્રિયોનો ગુલામ બન્યો છે માટે દેહની આસક્તિ ત્યજી, સર્વ ઇન્દ્રિયોનું નિયમન કરી, પ્રાણને ભ્રૂકુટિમાં સ્થિર કરી સતત અભ્યાસથી ચિત્તની એકાગ્રતા સાધવી જોઈએ તેમ ગીતા વારંવાર કહે છે. એટલું જ નહીં શુભ દ્રષ્ટિ કેળવ્યા વિના ચિત્તવૃત્તિનો નિરોધ નહીં થાય. સર્વત્ર માંગલ્યનું દર્શન કરવાથી ચિત્તશાંતિ આપોઆપ થઈ જશે. સૃષ્ટિમાં કશું જ અમંગળ કે ભયાવહ નથી, વળી કલ્યાણ માર્ગે જનારની કદીય દુર્ગતિ થતી નથી. ન હિ કલ્યાણકૃત કશ્ચિત દુર્ગતિં તાત ગચ્છતિ।

અનન્ય શ્રધ્ધા અને પ્રપત્તિભાવથી ઈશ્વરને ભજનારને ફરીને આવવાપણું રહેતું નથી. ભગવાન એક જ વાક્યમાં કહે છે,**'જે માયાને તરી જવા માગે છે તેણે મારા શરણે આવવું.'** સર્વ ધર્માન્ પરિત્યજય મામેકં શરણં ભાવથી માત્ર યોગેશ્વરને જ ભજ્યા છે તે એકલા જ આ ભવસાગર તરી ગયા છે. વિનોબા કહે છે, 'યજ્ઞ, દાન,તપ, ધ્યાન,ધારણા વગેરે અનેક સાધનો સોડા, સાબુ કે અરીઠાં જેવાં છે, જે સ્વચ્છતા આણે છે પણ પાણી વિના તેમનું કામ નહીં થાય. જ્યારે સોડા, સાબુ કે અરીઠાં નહીં હોય તોપણ એકલું પાણી નિર્મળપણું આપી શકે છે. આમ, સર્વ ઉપાયોમાં ભક્તિ સાર્વભૌમ ઉપાય છે.

જે કંઈ કર્મ થાય છે તે વિહિત હો કે અવિહિત હો - ઈશ્વરાર્પણ કરવાથી પાપ કે પુણ્ય કશું જ બચતું નથી. ક્રિયામાત્ર પરમેશ્વરને અર્પવાથી સ્વાર્થ,પરાર્થ અને પરમાર્થ એ ત્રણે એકરૂપ થશે. પ્રથમ સૃષ્ટિ સાથે મેળ સાધી, પછીથી પરમાત્મા સાથે અનન્ય ચિત્તે ભક્તિપૂર્વક જોડાઈ જવું તે જ યોગ છે. પરમાત્માના નામામૃતની મીઠાશ હૃદયમાં ભરી સર્વ વ્યવહારો અનાસક્તભાવે કરવા એ જ ભક્તિ + કર્મ= જ્ઞાન છે અથવા એમ કહો કે સર્વ કંઈ ઓમ્ તત્ સત્ છે. ઓમ્ એટલે હા, પરમાત્મા છે. એ પરમાત્મા કે જે સૃષ્ટિનો આદિ છે અને અંત પણ છે. બાકીનું વ્યક્ત સ્વરૂપ તો કેવળ મધ્યમાં છે. આવો આ પરમાત્મા અવિનાશી, અક્ષર અને શાશ્વત છે. સત્ એટલે શુભ છે. પરમેશ્વરનું આ સત્ નામ પચાવવા આપણી બધી ક્રિયા નિર્મળ તેમ જ ભક્તિમય હોવી જોઈએ. તત્ એટલે તે, કંઈક જુદું, અલિપ્ત. આપણે કર્મોમાં અલિપ્તતા રાખીએ એટલે પેલું તત્ જીવનમાં ઊતર્યું ગણાય.

આમ, ઓમ્ તત્ સત્ એ વૈદિક નામ લઈ ગીતાએ બધી ક્રિયાઓ પરમેશ્વરને અર્પણ કરવાનું શીખવ્યું છે. ફળત્યાગ કરનાર પર જ ઈશ્વરની કૃપા અવતરે છે. વિનોબા તેમનાં ગીતાપ્રવચનોમાં પ્રથમ અધ્યાયમાં અર્જુનના વિષાદને આત્મજ્ઞાન, સમત્વ બુધ્ધિ, વિકર્મ, ચિત્તવૃત્તિનિરોધ, પ્રપત્તિ, સાતત્યયોગ અને ભક્તિથી ગાળી નાખી અંતિમ અધ્યાયમાં ફળત્યાગની પૂર્ણતા સુધી લઈ જાય છે.

અર્જુનના વિષાદથી ઈશ્વરના પ્રસાદ સુધીની યાત્રા એટલે વિનોબાનાં ગીતાપ્રવચનો. મનુષ્યમાત્રના હૃદયમાં વ્યાપી વળેલા આસક્તિજન્ય વિષાદને ઈશ્વરના પ્રસાદમાં પરિવર્તિત કરનારી સંજીવની એટલે શ્રીમદ્ ભગવદગીતા.

(૩,દેનાબેંક સોસાયટી, અમરેલી,૩૬૫૬૦૧
મો.નં.૯૪૨૯૧૩૯૧૪૫)

## ૦૬. અભિવ્યક્તિ

# ગામડું, સ્ત્રીઓનું મનોવિજ્ઞાન અને શહેર

મહેશ પઢારિયા

---

આપણી સંસ્કૃતિક પરંપરામાં ગોકુળ જેવા ગામડાનો મહિમા થયો છે, મથુરા જેવાં નગરોનો નહીં.ગાય, ગામડું અને ગીતાના પાયા પર આ ભારતીય સંસ્કૃતિનું માળખું ઊભું છે. પ્રાચીન સમયથી આજ સુધી અનેક સત્તાપલટાઓ વચ્ચે ગામડું પોતાની સ્વાયત્તતા જાળવી રાખીને અડીખમ રહ્યું એનું કારણ ઉપર ગણાવ્યો એ મજબૂત અને અડીખમ પાયો છે.

અંગ્રેજો ભારતમાં આવ્યા એ પહેલા ગામડું સ્વાવલંબી હતું. એની ખેતપેદાશો અને કલાથી વિદેશીઓ આકર્ષાયા. આપણાં ગામડાંઓમાં પેદા થતી ચીજવસ્તુઓની યુરોપનાં બજારોમાં ખૂબ માગ હતી, એટલે જ ભારત આવવાનો જમીનમાર્ગ બંધ થતાં યુરોપિયન પ્રજાને માટે નવો જળમાર્ગ શોધવો અનિવાર્ય બની ગયેલો.

અંગ્રેજો આવ્યા અને 'વ્હાઈટ કોલર જોબ' નું આકર્ષણ લેતા આવ્યા. 'શિક્ષણ એટલે... સાહેબ થઈને મહાલવું,નગર - મહાનગરે વિચરવુંને વતન - ગામડું વિસરવું' એવું સમાજવિજ્ઞાન અંગ્રેજી શાસન દરમ્યાન અને ત્યાર પછી આપણે ત્યાં જાણે - અજાણે વિકસતું ગયું. ગામડાં તૂટતાં જાય છે અને શહેરોનું રાક્ષસી કદ વધતું જાય છે, એના પાયામાં અંગ્રેજોની આવી ગળથૂથી જવાબદાર છે.

આવી પ્રાણઘાતક વિચારધારા વ્યાપી છે એમાં ઓછાવત્તા અંશે બધાં ખરડાયાં છે પરંતુ સૌથી વધુ અસર સ્ત્રીઓના માનસ ઉપર થઈ છે.

સ્ત્રીઓના માનસ પર આની વધુ અસર થઈ એનું મનોવિજ્ઞાન પણ સમજવા જેવું છે...

ગ્રામ્ય સંસ્કૃતિમાં - સંયુક્ત પરિવારપ્રથામાં જો સૌથી વધુ કોઈની સ્વતંત્રતા ઉપર તરાપ મરાઈ હોય તો તે સ્ત્રીઓ છે. પુરૂષપ્રધાન સમાજમાં સ્ત્રીઓની થયેલી આવી અવહેલના એના અજાગૃત મન સુધી પહોંચી હોય અને થોડી મોકળાશ મળતા સ્પ્રિંગની જેમ વધુ જોરથી એમની સ્વતંત્રતાની ભાવના ઉછળી હોય એવું બને??

આ એક સામૂહિક ચિંતનનો વિષય ગણાય. માનસશાસ્ત્રીઓ આનો વધુ સારી રીતે જવાબ આપી શકે. પણ આજે આપણે જોઈએ છીએ કે નવી પેઢીની સ્ત્રીઓ શક્ય હોય ત્યાં સુધી ગામડે રહેવા રાજી નથી હોતી. એ આજની કડવી વાસ્તવિકતા છે. એના કારણે ગામડામાંથી વસ્તીનું શહેરોમાં સ્થળાંતર થતું રહે છે. સાથે સાથે મહાત્મા ગાંધીના શબ્દોમાં કહીએ તો 'ગામડાંઓમાં વસતું ખરું ભારત' પણ તૂટતું જાય છે. શહેરોની ઝાકમઝોળ, સગવડતા, શ્રમવિહીન જીવન, એશો-આરામ, સિનેમા, મનોરંજનનાં ઉચ્ચતમ સાધનો આ બધું સ્ત્રીઓને શહેર તરફ આકર્ષિત કરે છે.

ગામડામાંનું શ્રમયુક્તજીવન, સાદાઈ, અગવડ, મનોરંજનનાં સાધનોનો અભાવ આ બધું શહેરોના 'ઝાંઝવાના જળ' જેવા આભાસી સુખ સામે સતત હારતું હોય એવું દેખાય છે.ગામડાની તાજી છાસ, શહેરોના કોકાકોલા સામે સતત હારતી જોઈ મન વ્યગ્ર બને છે અને એટલે જ.... 'સ્ત્રીઓની બુદ્ધિ પગની પાનીએ' એ કહેવતનું જો મૂળ મળે તો એનો પહેલી વખત ઉપયોગ કરનારને, સ્ત્રીઓની અવહેલનાનું તહોમતનામું ઘડીને કોર્ટના કઠેડામાં ઊભો રાખી દઉં એવી ખીજ ચડે છે.પરંતુ સ્ત્રીઓની શહેરો તરફની આંધળી દોટ, કોણ જાણે કેમ મને આ કહેવત તરફ કૂણી લાગણી જન્માવી જાય છે.

સ્ત્રી સમાજને દોરનારી શક્તિ છે. એના મનમાં ગ્રામ્ય સંસ્કૃતિ પ્રત્યે સદ્‌ભાવ જાગશે તો આપણી ગ્રામ્ય સંસ્કૃતિ જીવશે. મારે માતાઓ અને બહેનોને કહેવું છે કે મથુરા જેવા નગરને છોડીને કૃષ્ણ ગોકુળ જેવા ગામડામાં સ્થળાંતર કરે એ સંસ્કૃતિની ધરોહરના આપણે સૌ વારસદાર છીએ.

જય જગત.

## પશ્ચાતાપના આંસુ

રવજી ગાબાણી

પશવા દાદાના ફળિયાનો સૂકાયેલો લીમડો કાપતા થાકી જવાયું એટલે મજૂર લીમડાના થડના છાંયે પોરો ખાવા બેઠો. એ સમયે બે બે પક્ષી ઊડતાં ઊડતાં ત્યાંથી પસાર થયાં.મજૂરે લીમડાના જાડાં થડ સામે નજર નોંધી. બરાબર એ સમયે લીમડાને વાચા ફૂટી :

"મનેય ડાળખીઓ ફૂટતી'તી. મનેય છાંયડો ફૂટતો'તો. રોજ મારી ઉપર પક્ષીઓ આવીને બેસતાં'તાં. કહો કે, મનેય કલરવ ફૂટતો'તો. મારી ડાળીઓ પર હીંચકો બાંધીને પશવાદાદાની ચાર ચાર પેઢીઓ હીંચકી છે.એ વૈભવની શી વાત કરું ! બપોર વચ્ચે ફળિયામાં રમતાં છોકરાઓને શીતળતા આપતી વેળાએ મારામાં પાંદડે પાંદડે લીલાશ ફૂટી નીકળતી'તી. એ લીલાશ જ મારો સાચુકલો વૈભવ હતી, પણ હવે બધું..."

વૃક્ષ થોડીવાર શ્વાસ લેવા અટક્યું હોય એમ મૌન રહ્યું.પછી એણે વાત આગળ ચલાવી.પેલો મજૂર એને ધ્યાનથી સાંભળી રહ્યો હતો.

"ઘરે કોઈ ન હોય ત્યારે હું આ ઘરની દીવાલો સાથે વાતે વળગતું'તું. દીવાલો મને ઓરડાની કહાણી 'કે...ને હું સાંભળ્યાં કરું. આનંદ અને ડુસકાની વાતો હું સ્થિર થઈને સાંભળું ત્યારે લોકોને એમ થતું કે,પવન પડી ગયો છે. હકીકતમાં પવન તો વાતો જ હોય, હું સ્થિર થઈ જતું'તું. ઓરડો મને નવોઢાના ઓરતાની વાતો કરતો અને હું એને નવોઢાની ઠુમ્મક ઠુમ્મક ચાલની વાતો કરતું. આંગણમાં રમતાં બાળકો અને મારી ડાળીઓ ઉપર રમતી ખિસકોલીઓની વાત કરતાં હું આજે ય અતીતમાં ખોવાઈ જાઉં છું."

"અરે ભાઈ ! એકવખત તો એવું થયેલું કે એનો અફસોસ મને આજેય રહ્યાં કરે છે. વરસાદ અને પવન 'કે કે મારું કામ.ભારે પવન અને ધોધમાર વરસાદને લીધે હું જ મને સંભાળવા અસમર્થ થઈ ગયેલું. ફળિયાની એકબાજુ મકાન અને એકબાજુ ફરજો. મારી તોતિંગ ડાળીઓને પવન કોઈ ક્રિકેટર સદી કર્યા પછી ખુશીમાં હવામાં બેટ વીંઝતો હોય,એમ વિંઝ્યા કરે. મને ભયંકર રીતે વાતા પવને નિઃસહાય કરી દીધેલું. મારી ડાળીઓ ભારે પવનમાં આમથી તેમ ફંગોળાયા કરતી'તી. ક્યારે મારી ડાળીઓ કડડભૂસ થાય એ નક્કી નહીં. પણ, સાંભળ ! મને મારી બાવડા સમી ડાળીઓ તૂટી પડે એનું જરાય દુઃખ નો'તું. મને તો ચિંતા થતી'તી મારાં ઘરધણીના મકાન અને ફરજાની. હજુ તો ગયાં વરસે જ ગારાનું જૂનું મકાન પાડી ને નવું ઓસરી ઉતાર મેડીબંધ મકાન એણે બાંધ્યું'તું. આ બાજુ ડાળી પડે તો નવું મકાન નુક્સાન પામે. બીજી બાજુ ડાળી પડે તો જૂનો ફરજો કડડભૂસ થઈ જાય. ઘરમાં સૂતેલાં બાળકો અને ફરજમાં બાંધેલા ગાયવાછરુની શી દશા થાય ! એ વાતે જ મને તો કંપારી છૂટી જતી'તી !"

"છતાં મેં વરસાદ અને ભારે પવન સામે ઝઝૂમી લેવાનું નક્કી કરી લીધેલું. વરસાદ 'કે કે મારું કામ. પવન 'કે કે મારું કામ. એ વખતે તો આજના જેમ વીજળીની સુવિધાય ક્યાં હતી ! અંધારી રાત અને વાવાઝોડાને લીધે મને કાંઈ સૂઝતું નો'તું. મારી જાતને સંભાળવા મેં બહુ કોશિશ કરેલી. ગમે તેમ કરી ને રાત કાઢી નાખવી એવા મનસૂબા સાથે મેં વાવાઝોડા સામે ટક્કર લીધેલી. પણ, આખરે ! રાતભર ઝઝૂમ્યા પછી વાવાઝોડું જીતી ગયું, હું હારી ગયો."

મજૂરનું અચરજ વધ્યું એટલે એ ઊભડક પગે બેસી એકીટસે પછી શું? ના ભાવ સાથે ઝાડ સામે જોઈ રહ્યો.

ઝાડ ઉવાચઃ

"વહેલી સવારે મારી એક તોતિંગ ડાળ, કાખમાં તેડેલું, માને વળગેલું છોકરું વછૂટી પડે એમ વછૂટી ગઈ. મોટો

કડાકો થયો ને ઘડીકમાં તો મકાન કડડભૂસ. ઓસરી, રસોડું અને મકાનનો એકબાજુનો ભાગ ડાળીના મારથી ધ્વસ્ત થઈ ગયો. હું તો રીતસર હેબતાઈ ગયો"

મજૂર ઓહ બાપા કરતો ચકરી ખાઈ ગયો.

"ઉચાટમાં ને ઉચાટમાં મને તો માંડ સવાર પડી. કોઈ દબાઈ ગયું હશે તો!! એ વાતે મને રાતભર અજંપો રહેલો.છેવટે વરસાદ ધીમો પડ્યો ને પવનનું જોર ઘટ્યું પછી મારાં જીવમાં જીવ આવ્યો."

"અજવાળું થતાં ઘરમાં ને ગામમા ચહલપહલ શરૂ થઈ. સદભાગ્યે મકાનના કાટમાળને ખાસ્સુ નુક્સાન થવાં છતાં કોઈ જાનહાનિ થઈ નો'તી એટલે મને હાશકારો થયેલો. ગયા વરસે જ બનાવેલું મકાન તૂટી જતાં મારા ઘરધણી નીમાણા થઈ ગયેલાં. એ ઘડીક તૂટેલા મકાન સામું જુએ તો ઘડીક મારી સામું. ઘડીક વળી એમની નજર તૂટેલી મહાકાય ડાળી ઉપર પડે."

"એ મારી સામું જુએ ત્યારે હું ગુનેગારની માફક સૂનમૂન જોઈ રહુ. મારાં પાન અને ડાળી પરથી નીતરીને ટપકતું પાણી એમના પગ પર ડબ દઈ ને પડતું'તુ.

પશ્ચાતાપના આંસું જેમ ટપકતા પાણીના આ ટીપાને પગ પર પડતાં જોઈ ને એમની આંખો ભીંજાઈ ગયેલી. એમની ભીંજાયેલી આંખો જોઈ ને હું ય રોઈ પડેલું."

"બસ ! એ અફસોસ પછી તો ઘણાં વર્ષ રહ્યો. પણ, કીધું છે ને કે, દુઃખનું ઓસડ દા'ડા; એ ન્યાયે સમય જતાં દુઃખ હળવું થવાં લાગ્યું. કપાયેલી ડાળીનો ઘા રૂઝાતા મને ય હવે તો સારું લાગી રહ્યું'તું. ત્યાંથી મને એક નહીં, બે ડાળીઓ ફૂટી નીકળી'તી."

"થોડાં દિવસ થયા એટલે મારી ભાંગી ગયેલી ડાળી સૂકાઈ ગઈ. એને ગાડામાં ભરી ને તાલુકે લઈ જવામાં આવી. લાતીના માણસે મારી ડાળીને વ્હેરી ને એમાંથી મોભારું, નાટ, દાબણિયા, વાંસાપટ્ટી વગેરે બનાવી આપ્યું. એનો ઉપયોગ કરી ઘરનું છાપરું જેમનું તેમ હતું એમ કરી નાંખવામાં આવ્યું."

"બે મહિનાના દુઃખ દરદ પછી ઘર હતું એવું ને એવું બની ગયું. ઘરમાં લાપસી મૂકાણી ત્યારે ચૂલો સળગાવવા માટે મારી ભાંગી ગયેલી ડાળીના લાકડાના ટુકડા વપરાયાં હતાં એટલે બહુ દિવસે મને સુખ જેવું લાગેલું. એ દિવસે હું મન ભરીને ઝૂમેલું. પણ, તોય થડકો તો રે'જ ને...!"

ઝાડ બોલતું હતું ને એની નીચે થડના છાંયે બેસેલો મજૂર સાંભળી રહ્યો હતો. આખરે એનાથી બોલી જવાયું...

"પણ, એમાં તારો ગનો જ ક્યાં હતો !? જે કર્યું'તું ઈ તો વાવાઝોડે ને વરસાદે કર્યું'તું...!"

"વાત તો સાચી ભાઈ ! પણ તોય નુક્સાન ઈ નુક્સાન... જે ધણીએ ઉજેરેલું... જે ધણીએ પાણી સિંચેલું... એનો છાંયો મારાથી છીનવાઈ જાય તો થડકો તો રે'જ ને ! મારાં નસીબ એટલાં સારાં કે, મારું લાકડું કાટમાળના કામમાં આવ્યું."

" અને હા, તૂટેલી ડાળીમાંથી મને બે ડાળી ફૂટેલી એ જોઈ ને આખું ઘર રાજી થયેલું.બાકી, ગામલોકોએ તો સમૂળગું જ મને કાઢી નાખવાની સલાહ આપેલી."

ઝાડ પુનઃ થોડો શ્વાસ લેવા અટક્યું એટલે નીચે બેઠેલા માણસે પણ ફેફસામાં ઊંડો શ્વાસ ભર્યો. થોડી ગમગીની સાથે વૃક્ષે સંવાદ આગળ વધાર્યો.

"પણ, ગયાં વર્ષે પશવાદાદાએ મોટું ગામતરું કર્યું ત્યારથી મનેય હવે જીવવામાં કોઈ સવાદ લાગતો નથી."

"એ દિવસે બપોર વચ્ચે મારી શીતળ છાંયા નીચે, જમી ને પશવાદાદા ખાટલો ઢાળીને સૂતેલાં. ઊંઘ આવે એ પહેલા એમણે મારી સાથે થોડી વાતો કરેલી. મારી ડાળી તૂટી પડી એ પછીના દિવસોમાં એનો જમણો હાથ થોડો થોડો કંપવા લાગેલો. થોડા સમય પછી લકવાએ હાથ નકામો કરી દીધેલો. મારી સામે જોઈ, એ એટલું બોલેલા કે, 'તારી ડાળી તૂટી પછી મારો હાથ નકામો થયો છે. લેણદેણ હશે કોઈ...તો જ આમ થાય ને ! પરભવના સગપણ હશે...બીજું શું? બાકી ! જીવન છે ત્યાં સુધી સૌ સગા છે. મર્યા પછી કોઈ ભેળું બળતું નથી.'

"બસ, આટલું બોલ્યાં ન બોલ્યાં ત્યાં પશવાદાદાને

હુમલો આવ્યો. બધાં ભેળાં થઈ ગયાં.હું તો તરફડતા પશવાદાદાને ફાટી આંખે જોઈ જ રહ્યો. કરશનદાદાએ માથાનું ફાળિયું કાઢી પવન નાખ્યો. કોઈ દોડીને પાણી લઈ આવ્યું. ડૉક્ટરને બોલાવવા માણસ દોડ્યા, પણ ડૉક્ટર આવે એ પહેલાં પશવાદાદાએ દેહ છોડી દીધો.દેહ છોડતી વખત પશવાદાદા એટલું બોલેલા કે, 'આંગણાના આ લીમડાની વાડામાં પડેલી ડાળીના લાકડાથી જ મને અગ્નિદાહ આપજો.' અને પછી એણે મારા એક એક અંગ પર નજર નાખતા હોઈ એમ નજર કરી દેહ છોડી દીધેલો."

"આજ તું મને કાપવા બેઠો છો ને ! એનું ય એક કારણ છે.દાદા ગયાં પછી મનેય નો'તું સોરવતું.મારી ડાળી ગઈ તો એનો હાથ ગયેલો.હવે એ ગયા તો પછી મારે ય...!"

"બસ, ત્યારથી હું ધીમે ધીમે સૂકાવા લાગ્યું. આજે હવે હું સાવ સૂકાઈ ગયું છું. તેં પોરો ખાઈ લીધો હોય તો, ઊઠ ! ઊભો થા...મને કાપ .મારા સૂકા થડને વેરાવ્યા પછી, વધે એ ડાળીઓ અને મોટાં ટુકડા, તું વાડામાં વ્યવસ્થિત ગોઠવી દેજે."

"ચાલ,ત્યારે ઊભો થા... કુહાડી હાથમાં લે; ને તારું કામ કર. મેં તને બહુ ખોટી કર્યો ભાઈ....!"

### ગુરુ અને શિષ્ય

અકબર બાદશાહના દરબારમાં સંગીતજ્ઞ તાનસેનના સંગીતથી આનંદિત બાદશાહને એક દિવસ તાનસેનના ગુરુ હરિદાસનું સંગીત શ્રવણ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. સંગીતના સૂરો હૃદયવાટિકામાં ઝીલતા અકબર તો નિજાનંદમાં સરી ગયો, સમાધિ લાગી ગઇ એ પછી મહેલ તરફ જતા વાતો થઈ...

બાદશાહઃ 'તાનસેન, તારા ગુરુ દિવ્યસૂરો રેલાવે છે

તારા અને તારા ગુરુના સૂરમાં જમીન આસમાનો તફાવત કેમ ?

તારું સંગીત તો આ કક્ષાનું નથી જ'

તાનસેનઃ 'જહાપનાહ, તમારું નિરીક્ષણ સાચું છે

પરંતુ ખોટું લગાડશો નહીં, હું તો આપને- દિલ્હીશ્વરને ખુશ કરવા ગાઉં છું જયારે મારા ગુરુજી જગદીશ્વરને માટે ગાયન કરે છે.

જેટલો તફાવત અલ્લાહમાં અને અકબરમાં રહે એટલો જ તફાવત અમારા ગાયન વચ્ચે રહેવાનો.'

### દોરવણી

સમાજ સુધારક હેન્રી જયોર્જ અને ખ્રિસ્તી ધર્મગુરુ- કાર્ડિનલ મોનિંગ વચ્ચે એક સંવાદ થયેલો સાંભળો..

હેન્રી જયોર્જ : ' મેં લોકોને પ્રેમ કર્યો અને એ પ્રેમ મને ભગવાન ઇસુ તરફ દોરી ગયો. ઇસુ તો લોકોના શ્રેષ્ઠ શિક્ષક અને મિત્ર છે.'

કાર્ડિનલ મોનિંગ : ' અરે ! મારું એથી ઊલટું થયું ! મેં ઇસુને પ્રેમ કર્યો ત્યારે ઇસુ પ્રત્યેનો પ્રેમ મને લોકોને પ્રેમ કરવા તરફ દોરી ગયો !'

એક સમાજ સુધારક માનવપ્રેમ તરફથી પ્રભુપ્રેમ તરફ ગયા અને ધર્મગુરુ પ્રભુપ્રેમને કારણે માનવપ્રેમ તરફ ગતિમય થયા.

## ૦૮. યુવાસૂઝ

### પ્રત્યેક ક્ષણને જીવતાં બાળકોની 'મા' : નેહલ ગઢવી

દિનુ ચુડાસમા

---

**'આંખોમાં રહેલી લાગણીની ભીનાશ વાંચી શકે તેને 'ભણેલા' ન કહેવાય એને 'પોતાના' કહેવાય.'**

ઉપરનું ચિંતન આપનાર સર્જક એક જીવંત શિક્ષક છે. જીવનયાત્રી અને પ્રભાવક વક્તા છે.

તો તમને થશે કે ખરા શિક્ષક કેવા હોય ? સમસંવેદનશીલ વ્યકિતત્વ કેવું જીવે ? હૃદયપૂર્વક + બુદ્ધિવાન હોય એવો માણસ આજે આપણને મળી શકે? પ્રતિભાને ઊંડાણપૂર્વકનો પરિશ્રમનો સહયોગ સાંપડે તો કેવી નિષ્ઠાવાન વ્યકિત આપણા સમાજને મળી શકે? આ પ્રશ્નોના જવાબમાં આપણી પાસે ઘણાં નામ સ્મરણમાં આવે છે. બહુરત્ના વસુંધરા એ પ્રમાણે વિવિધ ક્ષેત્રોમાં ઉમદા,વિલક્ષણ કાર્ય કરતાં નામ મળી આવે એમાંનુ એક નામ એટલે નેહલબહેન ગઢવી.

સમાજ એમને અંકુરનાં શિક્ષક તરીકે ઓળખે-હા એ છે માસ્તર પણ 'મા'પણું જીવનારાં હો..અનુભૂતિનાં માયાળુ માનવી.

અંકુર મંદબુદ્ધિના બાળકો-આ વિશિષ્ટ શાળાના બાળકો સ્વાવલંબી અને સ્વનિર્ભર બને એ માટે પણ નેહલ ગઢવી ઉત્સાહપૂર્વક કાર્યરત રહે છે.જીવંત શિક્ષક તરીકેની ભૂમિકા નિભાવતા, આ બાળકોના ભવિષ્યની ચિંતા પણ કરતા રહે છે. અહીંના બાળકોને બહારથી કામ તો કોણ આપે ? આપણે ત્યાં હજુ સંવેદના આટલી અખિલાઇને પામી નથી !! માટે આ દિવ્યાંગો નેહલબહેનના માર્ગદર્શનથી રાખડી,મીણબત્તી, તોરણ જેવી વસ્તુઓ બનાવે છે. અહીંની આ બધી વસ્તુઓમાં જગતના સાવ નિરાળા,સહજ બાળકોનો ચેતનવંતો સ્પર્શ છે. આપણે આ સંસ્થામાંથી આ વસ્તુઓ ખરીદીએ તો પણ ઉમદાપણું જીવાશે, વ્યકિતગત જિંદગીમાં માનવતા તરફ એક કદમ આગળ વધીશું.

નેહલબહેન એટલે આત્મવિશ્વાસની ધજાપતાકા લહેરાવતો કંઠ, નૂતન વિચારોની અભિવ્યકિત કરતો અવાજ. આજે ટેકનોલોજીના ડિઝિટલ મંચ ઉપર અને અનેક શૈક્ષણિક સંસ્થાઓના સ્ટેજ ઉપર શ્રોતાવર્ગ એકચિત્ત બની સાંભળે છે એવા વકતા. એમની વાણીમાં પ્રેમ-મૈત્રીની વાતો સહજ આવતી રહે,સાંભળો જરાઃ

**'જયાં જયાં કાંટા હોય ત્યાં ફૂલ બનીને ઊગે તે પ્રેમ છે. પ્રેમ તો એક એવો દુઃખાવો છે જે હૃદયમાં છે અને એકસ-રેમાં આવતો નથી. પ્રેમ એ ટેટુમાં નથી પણ ચામડી પર ન સ્પર્શેલી, ન દોરાયેલી રેખાઓ પર છે. જે તમારા ઉદાસ મુડને બદલાવવા માટે સમયના મોડ બદલાવી નાખે તે પ્રેમ છે. જે માણસને જગત આખું છોડીને જાય અને તે તમારા માટે ઊભો રહે એ પ્રેમ છે. પ્રિય પાત્રના ગયા બાદ તેના અભાવમાં તેના મૌનને પણ સાચવવું ગમે એ પ્રેમ છે. જેની સાથે ભૂલા પડવું એ પણ યાત્રાનો એક ભાગ હોય એ પ્રેમ છે. સાચકલો પ્રેમ એકમેકને સ્વસ્થતાથી પડકારે, સંપૂર્ણતાથી આવકારે, સમગ્રતાથી સ્વીકારે, સહજતાથી આકારે, બોલ્યાં વિના કહી દે, કહ્યાં વિના જ સાંભળી લે. બધી જ 'Yes'સ્વીકારી લેવામાં ખાસ પ્રેમ નથી તેના 'No'આદરપૂર્વક સ્વીકારવામાં પ્રેમ છે. સંબંધ માટે માળો જોઇએ પણ પ્રેમ માટે આકાશ અને પ્રેમી માટે અવકાશ જોઇએ. પ્રેમ એક એવો દુર્લભ છોડ છે, તે ઇચ્છાઓની રેતાળ, નકરી અપેક્ષાઓની પથરાળ, અહંકારની ખડકાળ ભૂમિ પર કયારેય નથી ઊગતો. એટલે તો એ છોડ પર મૈત્રીનું ફૂલ આવતાં કયારેક દાયકાઓ થાય.'**

જીવનકર્મથી નેહલબહેન 'મા' છે. માતૃત્વભાવને જીવતાં કર્મમાં ઓગળી ગયાં છે.

અંકુર-સંસ્થામાં માનસિક ક્ષતિઓ સાથે જન્મેલાં બાળકો રહે તેના શિક્ષક જ નહીં બહેન-દીદી-મા છે. અંકુરનાં અને સમાજમાં આ પ્રકારના બાળકોને જોતાં સમસંવેદનશીલ બહેન ભાવુક બને. ભાવનગરની અંકુર શાળાનાં ૧૫૦ બાળકો પોતાની શિક્ષિકાને જોઇને આનંદિત બની જાય ત્યારે આ શિક્ષિકાનું શું થાય? કહું: એક આંખમાં આનંદ અને બીજીમાં ભેજ પ્રસરી જાય. બે હાથ લાંબા કરી 'મા' પોતાનાં સંતાનોને ખોળામાં લે, હૂંફ આપે એની સલામતીની, શિક્ષણની, સ્વાવલંબનની, કપડાં, ખોરાક, આરોગ્યની ખેવના કરે. આ વિશિષ્ટ બાળકોમાં શિક્ષણનું અજવાળું કેમ પ્રગટે એની વિચારયાત્રા ચાલે. એમના મનોજગતમાં અગ્રસ્થાને મનોમંથન ચાલતું હોય: અંકુરનાં બાળકોમાં કેવી રીતે સુખ,શાંતિ,નિરામયતા અંકુરિત થાય? આ બાળકોના જીવનમાં શિક્ષણ, ઉત્સાહ, સમજણ, સગવડ, સ્વાવલંબન કેમ વધે? આ પારદર્શક બાળકો તરફ સમાજનું હકારાત્મક વલણ કેમ કેળવાય? એમના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવામાં નેહલબહેન રમમાણ રહે છે.

દિવ્યાંગ બાળકોની સાથે ઓતપ્રોત હોવાથી બહેન કહી શકે છે કે:

**'મંદબુદ્ધિનાં બાળકો વિશ્વની દરેક વ્યકિતની જેમ ઈશ્વરનું સર્જન છે. એમાં પણ દરેક આત્માની જેમ ઈશ્વરનો અંશ વસે છે. જીવનનો સર્વશ્રેષ્ઠ અનુભવ તો આનંદ છે જે આ બાળકો પણ અનુભવી શકે છે. તેમનામાં કોઇ દુન્યવી ચાલાકી નથી, લોભવૃત્તિ નથી. સૂક્ષ્મ અર્થમાં આ બાળકો દેવદૂત છે. તેમને કામચોરી આવડતી નથી, સોંપાયેલું કામ નિષ્ઠાથી કરે છે. ૬૦ જેટલાં બાળકો આજે પગભર થયાં છે. તેમની પાસે નથી ગઇકાલની ગ્રંથિ કે નથી આવતીકાલની અપેક્ષા. મારા આ સંતાનો આજે અહીં આ ક્ષણમાં જીવે છે.'**

અંકુરનાં બાળકો માટે 'મા' તરીકેની પાત્રતા આત્મસાત્ કરી 'કર્મશીલ 'શબ્દને ચરિતાર્થ કરતાં 'કર્મશીલ' શબ્દને 'માતૃઊર્જા'નો સંસ્પર્શ આપી નેહલ ગઢવી આજે ગુજરાતનાં ઘરોમાં ગૂંજતું નામ છે. લોકપ્રિય બનતું જતું આ વ્યક્તિત્વ જીવતરને અનોખી રીતે જીવે છે. કળાસંગત પ્રવૃત્તિઓ એમને ગમે.સાહિત્ય, સંગીત, શિલ્પ, ચિત્ર, સ્થાપત્યકળાની ભાત રચતી-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંચ ઉપર સરસ બોલી શકે અને ઉત્તમ ઉદ્‌ઘોષણા પણ કરી શકે એટલાં સક્ષમ.

પ્રકૃતિ તરફ અસીમ નિસ્બત.હિમાલય એમને ગમે. પહાડો,નદીઓ,વૃક્ષો સાથે મૈત્રી.પક્ષીઓના કલરવને,બાળકોના કિલ્લોને માણે. દિવ્યાંગ બાળકો માટે અનહદ લગાવ માનો કે એ એમનું જીવનકર્મ છે. ઘરના આંગણામાં આકાશને આંબવા મથતો વાસ જાણે કે એમના પુરુષાર્થનું પ્રતીક. આકાશ સાથે વાતો કરતી વાસની ડાળખીઓ જેમ પવન-પાવનસ્પર્શથી નૃત્ય કરે એટલા જ પ્રસન્ન. પુસ્તકો ઉપરાંત જીવન વાંચે એટલે તો નેહલ ગઢવીની વાણીમાં નૂતન વિચારો પણ સાંભળનારને મળે મને મળ્યા તો તમારા માટે અહિ ટપકાવું:

- **'સંબંધ ત્યાં જ કાયમ અને અતૂટ રહે છે, જયાં બંને પક્ષે એકબીજાને ગુમાવવાનો ડર હોય છે.'**
- **'સંબંધોની પાઠશાળા ટકાવી રાખવી હોય તો ગણિતનો વિષય નબળો હોવો જરૂરી છે.'**
- **'કયારેક જીવન દોરા વગરની સોઇ જેવું બની જાય છે. જેમાં સિવાતું કે જોડાતું કશું નથી પણ ખૂંચે છે બસ.'**
- **'એક નફરત છે જે લોકો ક્ષણમાં સમજી જાય છે અને એક પ્રેમ છે જેને સમજવામાં વર્ષો નીકળી જાય છે.'**
- **'જેને ગુણની પરખ નથી, એની પ્રશંસાથી ડરવું અને જે ગુણનો જાણકાર છે, એના મૌનથી ડરવું.'**
- **'કેટલાક સાથે સંબંધ છે એટલે ચૂપ છીએ, કેટલાકની સાથે ચૂપ છીએ એટલે સંબંધ છે.'**

- 'સ્ત્રીઓ પુરુષોને જન્મ આપવાની સાથે સાથે વ્યવસ્થિત જીવતા કર્યા.'
- 'કોઈના હૃદયમાં રહેવું એ દુનિયાનું સૌથી મોંઘુ દસ્તાવેજ વાળું ઘર છે.'
- 'કયારેક એવું લાગે કે મનમાં કાંઇ ભરીને જીવશું તો મન ભરીને કયારે પણ જીવી નહિ શકીએ.'
- 'બધું જ સમજવાની કોશિશ ના કરશો, કયારેક અમુક બાબત સમજવા માટેની નથી હોતી પણ સ્વીકારી લેવાની હોય છે.'
- 'વધતી જતી સમજણ જીવનને મૌન તરફ લઈ જાય છે.'
- 'સાચુ તો દરેકને સમજાતુ હોય છે, પણ અફસોસની વાત એ છે કે; સાચા સમયે સમજાતુ નથી.'
- 'એ કેવું નઈ! લગ્ન માટે છોકરીનો ભૂતકાળ કેવો છે એ જોવામાં આવે છે અને છોકરાનું ભવિષ્ય કેવું છે એ જોવામાં આવે છે!'
- 'બધા પાંજરાઓ હંમેશા લોખંડના નથી બનેલા હોતા કયારેક તે આપણી માન્યતાઓ, વિચારો, ગેરસમજણો, ભ્રમોના પણ બનેલા હોય છે.'
- 'આ એક રોગની દવા શોધવી પડે એમ છે. હું સમજદાર છું અને તને સમજાતું નથી.'
- સમાપનમાં નેહલબહેનનું મૌન આત્મસાત્ કરીએ, 'જયારે સ્ત્રી ચૂપ હોય છે, ત્યારે તેને શાંતિથી સાંભળવી.'

(લોકભારતી-સણોસરા)

### ઉપદેશ

ગુરુ ગોવિંદસિંહ એક શ્રીમંતને ત્યાં ઊતર્યા એટલે એ ઘરના માણસે એમને ચાંદીના પવાલામાં પાણી આપ્યું.

પાણી લેતા ગુરુજીએ હાથ તરફ જોઇ કહ્યું:

'દીકરા, તારો હાથ ખૂબ કોમળ છે.'

શ્રીમંતઃ 'ગુરુજી, કોમળ જ હોય ને મારે કાંઇ પણ કામ કરવાનું હોય નહીં ને!'

ત્યારે..

ગોવિંદસિંહ : 'બેટા, તો હું આ પાણી નહીં પીઉં,

દીકરા, જે હાથ પરિશ્રમ નથી કરતા,

માનવસેવા નથી કરતા તેને પવિત્ર ના કહેવાય.'

### અભય

ગાંધીજી અને મહાદેવભાઇ કોલકાતામાં હતા ત્યારે ત્યાં કાલીમાતાના નામે થતો પશુવધ જોતાં

મહાત્મા ગાંધીએ મહાદેવ દેસાઇને કહેલું:

'મહાદેવ,ચાલ આપણે બંને જઇને ત્યાં સત્યાગ્રહ કરીએ ને એમને પશુવધ કરતા અટકાવીએ. પછી ચિડાયેલા બંગાળી બ્રાહ્મણો આપણા પર તૂટી પડશે ને આપણા ટુકડેટુકડા કરી નાખશે.

આ પશુહત્યા અટકાવવામાં આપણો પ્રાણ જાય તો પણ શું?'

## હિસાબી જાગૃતિ

ભરત ના. ભટ્ટ

આંબલા સંસ્થાનો આરંભ થયો એ જ ગાળાની આ વાત છે.સંસ્થાને હવે પોતાનાં મકાનો થયા છે. એક મકાનમાં નાનાભાઇ રહે ને તેની બાજુમાં એક ઓરડામાં યુવાન કાર્યકરો -બાબુભાઇ શાહ અને મનુભાઇ દવે રહે. તે વખતે આ બંને યુવાનો પાસે સંસ્થાના હિસાબની બધી જવાબદારી. બંને યુવાનો સંસ્થાના રસોડે જમે. રોજ રાતે કામ કરતાં કરતાં, નવ-દસ વાગ્યે, કાંઇક નાસ્તો કરે. નાસ્તામાં મોટે ભાગે શીંગ-રેવડી હોય.

એક દિવસ સાંજે મનુભાઇ અને બાબુભાઇ જમીને વાસણ માંજતા હતા. લગભગ કાયમ નાનાભાઇ પણ વાસણ માંજવા આવે.

'કાં જુવાનિયાઓ મજામાં છો ને ? અહીં બરાબર ફાવે છે ને ? રાત્રિનો નાસ્તો ચાલે છે ને ? હિસાબમાં કાંઇ મુશ્કેલી નથી આવતીને ?'વાસણ માંજતાં માંજતાં નાનાભાઇએ ત્રણ -ચાર પ્રશ્નો પૂછી નાખ્યા.

'હા, નાનાભાઇ, બરાબર ચાલે છે. અમારે અહિ શું વાંધો હોય? નાસ્તામાં તો શીંગ, રેવડી અને શેરડીને ન્યાય આપીએ છીએ.'

બંને મિત્રોએ રંગમાં આવી જવાબ આપ્યો અને પછી જરા અટકીને કહેઃ 'નાનાભાઇ, હિસાબમાં આમ તો મુશ્કેલી નથી પરંતુ આજે દસ આનાની ભૂલ આવી છે. સરવાળામાં હશે તેમ લાગે છે.સૂતા પહેલાં બરાબર કરી લઇશું.'

રાત્રે નવ વાગ્યે બાબુભાઇ અને મનુભાઇ ચોપડા લઇને બેઠા. એકડાને બદલે બગડો વંચાતો હોવાથી દસ આનાની ભૂલ આવતી હતી. એ ભૂલ સુધારી, ચોપડો મૂકી બંને જણ શીંગ-રેવડી ખાવા બેઠા. સ્ટૉક બહુ ઝાઝો નહીં હોય એટલે આ આકર્ષક કાર્યક્રમ લાંબો ચાલ્યો નહીં. નાસ્તો પતાવીને બંને ઊઠવા જાય ત્યાં બંધ બારણા પર ટકોરા પડયા 'ટક...ટક...ટક...'

બંનેએ ધાર્યું કે કોઇ મિત્ર નાસ્તાનો લહાવો લેવા આવી પહોંચ્યો છે, એટલે કહે 'ભાઇ, નાસ્તાનો કાર્યક્રમ પતી ગયો છે.'

ફરી બારણા પર 'ટક...ટક...' થયું. બંનેને થયું કે આ કોઇ બરાબર પાછળ પડયો છે. ડબલાને ખાલી જોયા વગર આપણો છૂટકો નહીં કરે.

બાબુભાઇ ઊઠયા અને બારણું ઉઘાડયું તો બારણામાં નાનાભાઇ! હાથમાં મોટું ફાનસ,શરીર પર એક ટૂંકું ધોતિયું ને ખભે રૂમાલ. નાનાભાઇને જોઇ બંને મિત્રો ઘડીક તો ભોંઠા પડી ગયા !

મનુભાઇએ પૂછયુંઃ 'નાનાભાઇ, કાંઇ કામ હતું ?

નાનાભાઇએ કહ્યું, 'તમે સાંજે વાત કરી હતી ને હિસાબમાં દસ આનાની ભૂલ આવી છે. મારું કામ પૂરું થયું એટલે મને થયું કે ચાલને જુવાનિયાને મદદ કરું, કયાં ભૂલ આવે છે તે જોઇએ.'

'નાનાભાઇ, અમે પહેલાં એ ભૂલ શોધવાનું જ કર્યું. ભૂલ મળી ગઇ અને રોજમેળ લખીને ચોપડો મૂકયો છે.' મનુભાઇએ વિગત આપી.

નાનાભાઇ કહે, 'સારું થયું, ભૂલ મળી ગઇ તે. તમે તે કામ પહેલું કર્યું તે પણ સારું કર્યું. હિસાબની નાની ભૂલ પણ ચલાવવી નહિ. હિસાબનું કામ કદી બાકી રાખવું નહીં.'

મનુભાઇ અને બાબુભાઇ એકબીજા સામું જોઇ રહ્યાં. માત્ર દસ આનાની સરવાળા ભૂલ માટે -નહીં કે બે-પાંચ હજારના હિસાબી ગોટાળા માટે- કેટલી બધી સજાગતા ? બંનેએ આશ્ચર્ય સાથે બારણા તરફ જોયું તો નાનાભાઇ શાંતિથી નીકળી ગયા હતા.

(પુસ્તકઃ 'નાનાભાઇ ભટ્ટઃ પ્રસંગદીપ')

## ગુરુપૂર્ણિમા નિમિત્તે
## બંદઉ ગુરુપદ

ડૉ. સી. ટી. ટૂંડિયા

નમોસ્તુતે વ્યાસ વિશાલબુદ્ધે,

ફુલ્લારવિન્દાયતપત્રનેત્ર !

યેન ત્વયા ભારતતૈલપૂર્ણઃ,

પ્રજ્વાલિતો જ્ઞાનમય : પ્રદીપ : !!

અષાઢ સુદ પૂનમના દિવસે ગુરુપૂર્ણિમાનું ધાર્મિક પર્વ આદિ-અનાદિકાળથી મનાવવામાં આવે છે.મહાભારત ગ્રંથના રચયિતા મહર્ષિ વેદ વ્યાસજીનો અષાઢ સુદ પૂનમના દિવસે જન્મ થયો હોવાથી આ દિવસને વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઉજવવામાં આવે છે.

ભગવાન પરાશર મુનિ અને માતા સત્યવતીના પ્રભાવશાળી પુત્ર એ મુનિ વેદવ્યાસ. તેઓ અગાધ જ્ઞાનના મહાસાગર હતા. વેદવ્યાસનું સાચું નામ તો ''કૃષ્ણદ્વૈપાયન'' હતું. જન્મ સમયે તેઓ શ્યામ વર્ણના હોવાથી કૃષ્ણ અને યમુનાદ્વીપમાં રહેતા હોવાથી દ્વૈપાયન કહેવાયા.

ગુરુ જ્ઞાનના ચંદ્રમા છે. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે નાશ કરનાર. જીવનના અંધકારને દૂર કરી માનવ મૂલ્યોની માવજતની કેડી તરફ લઈ જાય તે ગુરુ.અધ્યાત્મની અનુભૂતિ કરાવે તે ગુરુ. કનક, કાંતા અને કીર્તિના પવન જેને હલાવી ન શકે તેવા મહામાનવ એટલે ગુરુ. જીવાત્માને સતરૂપી પરમાત્મા તરફ લઈ જાય તે સદગુરૂ.

વિશ્વના સુપ્રસિદ્ધ આર્યગ્રંથ 'બ્રહ્મસૂત્ર' નું લેખન વ્યાસજીએ આ દિવસે શરૂ કર્યું. સદ્‌ગુરુ મેઘની જેમ શિષ્ય પર જ્ઞાનવૃષ્ટિ કરી તેના અંધકાર અને અજ્ઞાન હરી લે છે. કોઈ શિષ્યની બુઝાઈ ગયેલી જ્યોતિને પુનઃ પ્રગટાવી શકે છે.

ગુરુ પૂર્ણિમાના ચંદ્ર જેવા ઉજ્જવળ અને જ્ઞાનરૂપી પ્રકાશયુક્ત છે તથા શિષ્યોને વાદળ જેવા કલ્પવામાં આવ્યા છે. શરદપૂર્ણિમાનો ચાંદ નભમાં એકલો જ હોય ત્યારે વાદળ હોતા નથી. અર્થાત્ ગુરુ એકલવાયા કહેવાય. જન્મોજન્મના અંધકાર કે અજ્ઞાન લઈને શિષ્યો વાદળની જેમ ધૂમરાતા હોય છે. તેના પર અષાઢ માસના પૂર્ણચંદ્ર સ્વરૂપ પૂર્ણજ્ઞાનનિષ્ઠ સદ્‌ગુરુ પ્રકાશ પાથરે છે.

આપણે ગુરુ તરીકે ચંદ્રને સ્થાને સૂર્યને પસંદ કરી શક્યા હોત. કિન્તુ સૂર્ય પાસે તો સ્વપ્રકાશ છે. ચંદ્ર પાસે પોતાનો કોઈ પ્રકાશ નથી. તેને પ્રકાશ, સૂર્ય પાઠવે છે. તેમ ગુરુ પાસે જ્ઞાનરૂપી પ્રકાશ આખરે તો ભગવાનનો છે. જેમ આપણે સૂર્ય સામે સીધું જ જોઈ શકતા નથી તેમ પરમાત્મા તરફ પણ સીધું જોઈ શકવા આપણે સમર્થ નથી. ભગવાનનો સાક્ષાત્કાર સદ્‌ગુરુ જ કરાવી શકે.

શુભવિચારો-સંકલ્પો જ કલ્યાણમયી કાર્યની ઉત્તમ ઈમારત ખડી કરે છે. સુંદર વિચાર અને સારા કાર્યો સત્ત્વશીલ શિક્ષણથી જ મળતા હોય છે અને આવી ચેતના અને શિક્ષણ ગુણીજન ગુરુ જ આપી શકે.

વેદમાં એક અમર વાક્ય છે, 'ચારે દિશાએથી મને શુભ વિચાર પ્રાપ્ત થાઓ' આ વેદ વાક્ય એ અમર વાક્ય છે. જીવન આનંદનું, ઉત્તમતા અને શાંતિનું એક અતિ ગૂઢ રહસ્ય એટલે આદર્શ ગુરુપદ. ઉત્તમ ચેતનાનો સંચાર ગુરુ તરફથી શિષ્ય તરફ વહે છે.

શાસ્ત્રોમાં વિદ્યાના અનેક પ્રકાર બતાવવામાં આવ્યાં છે. તેમાં મહત્ત્વના એવા ગુરુમુખી વિદ્યા, મનમુખી વિદ્યા,

સૂર્યમુખી વિદ્યા અને સન્મુખી વિદ્યા છે. ગુરુના મુખેથી નીકળેલી આજ્ઞા કે વચનનું અક્ષરશઃ પાલન કરવું એ ગુરુમુખી વિદ્યા, ગુરુના વચનનો કે શાસ્ત્રનો મનમાં આવે તેમ અર્થઘટન કે અમલ કરવો તે મનમુખી વિદ્યા, સૂર્યનારાયણ પાસેથી વિદ્યા હાંસલ કરવા હનુમાનજી સૂર્યના રથ આગળ પાછા પગે ચાલતા રહી જેમ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ વિદ્યા હાંસલ કરતા તે પ્રયત્નને સૂર્યમુખી વિદ્યા અને ચોથી વિદ્યા એ સન્મુખી વિદ્યા જેમાં શિષ્ય ગુરુની સન્મુખ બેસી રહે ત્યારે તેનામાં ચેતનાનું સંપ્રેષણ થાય છે. ચેતના ગુરુ તરફથી શિષ્ય તરફ વહે તે સન્મુખી વિદ્યા.

માનવ માત્રને જીવનથી મૃત્યુ સુધી નિરંતર શિક્ષાની જરૂરત રહે છે. તે પછી વ્યક્તિ પાસેથી મળે કે નિર્જીવ પદાર્થ પાસેથી કે પશુ પક્ષી પાસેથી. દરેક વસ્તુ, પદાર્થ, કે સજીવ કંઈક તો બોધ આપતા જ હોય તે એક પ્રકારની શીખ જ છે. ગુરુ દત્તાત્રેયે ચોવીસ ગુરુ ધારણ કર્યા હતાં.

ગુરુપૂર્ણિમા એટલે આધ્યાત્મિક વિકાસનું સરવૈયું કાઢવાનો પવિત્ર દિવસ, ગુરુની ગરિમાનું ગૌરવવંતુ પર્વ એટલે ગુરુપૂર્ણિમા. આ ભવાટવિમાં ભમતા માનવીને દિવ્યતાનો રાહ ચીંધનાર સદગુરુના ઉપકારોથી ઋણમુક્ત થવા ગુરુપૂજનનો મહિમાવંત દિવસ. જેનું મન વશમાં ન હોય એ લઘુ અને જેનું મન વશમાં હોય તે ગુરુ. આ નાનકડી વાત સમજી જાય તો પણ લઘુ-ગુરુના સિમાડા આપણે સમજી શકીશું. ગુરુ એટલે સંયમની મૂર્તિ, જીવમાં અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાનનો પ્રકાશ રેલાવે તે ગુરુ.

આજની આધુનિક શિક્ષાપદ્ધતિથી જીવન ઘડતર કરનાર આદર્શ શિક્ષક પણ આધ્યાત્મિક જીવનની રાહ દેખાડનાર સંત સમાન જ છે. રાજ્ય સરકારે પણ શૈશવકાળથી જ શિક્ષણને મહત્ત્વ આપીને મનુષ્ય જીવન ઘડતરમાં છેવાડાના ગરીબ ઘરનો દીકરો કે દીકરી અભ્યાસથી વંચિત ના રહે તેની ખેવના કરી છે. માનવ જીવન કંડારવા માત્ર વ્યક્તિજ ગુરુ હોય એવું નથી બનતું. દરેક વ્યક્તિ જડ-ચેતન તમામમાંથી પ્રેરણાબોધ તરીકે કંઈક નવું શીખે છે. મહાભારતમાં એકલવ્યને ધનુર્વીદ્યા પ્રાપ્ત કરવા દ્રોણની પ્રસ્થાપિત મૂર્તિને સામે રાખીને શ્રેષ્ઠ ધનુર્ધર બની શક્યા હતા.

જીવનમાં જન્મથી મૃત્યુ સુધી નિરંતર શિક્ષણ મળતું જ રહે છે અને આપણે મેળવતા પણ રહીએ છીએ. આથી જ જીવનકાળમાં આમ જોઈએ તો અનેક ગુરુ પાસેથી શિક્ષણ મેળવી જીવનમાં આત્મસાત્ કરતા હોય છે.આ દિવસે શિષ્ય ગુરુ પ્રત્યે પોતાનો સમર્પણ ભાવ રજૂ કરે છે. ભારતીય સંસ્કૃતિની અનેક વિશેષતાઓમાં અનન્ય છે ગુરુ-શિષ્ય પરંપરા. આ જ પરંપરાના માર્ગદર્શક સંતજનોએ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુનું માહાત્મ્ય 'ધર્મદર્શન' માટે વ્યક્ત કર્યું છે.

ગુરુના ચિંધેલા માર્ગે ચાલીએ એ જ ગુરુભક્તિ-ગુરુપૂર્ણિમા. ઉપનિષદ્કાળથી ગુરુની આવશ્યકતા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. ગુરુ ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટે,આધ્યાત્મિક માર્ગે, નિર્વિઘ્ને ભગવાનની પ્રાપ્તિ કરવા માટે અનિવાર્ય છે.

આદર્શ ગુરુ, એક આદર્શ માતા સમાન છે, જેઓ પોતાના શિષ્યનું વાત્સલ્યપૂર્વક ઘડતર કરે છે, ગુરુ એક આદર્શ પિતા સમાન છે, જેઓ શિષ્યની ભૂલો તરફ કડક વલણ રાખી સુધારે છે અને કુસંગ-દૂષણથી બચાવે છે. ગુરુ એક આદર્શ મિત્ર છે, જેઓ મિત્રભાવે સતત આપણું ધ્યાન રાખે છે. ગુરુ ગુણાતીત જ હોવા જોઇએ. એવા ગુરુના અગણિત ઋણ ચૂકવવા એમના ચિંધેલા માર્ગે ચાલીએ એ જ શ્રેષ્ઠ ગુરુભક્તિ છે.

ગુરુ ગોવિંદ દોનો ખડે, કીસકો લાગુ પાય;
બલિહારિ ગુરુદેવ કો, જીન્હેં ગોવિંદ દીયો બતાય.

સંપૂર્ણ આધ્યાત્મયાત્રા ગુરુકૃપા દ્વારા જ શરૂ થાય છે, તેવું તમામ શાસ્ત્ર-પુરાણોમાં અનેક ઉદાહરણો સાથે વર્ણિત થયું છે. માનવજાતિ માટે ગુરુ કૃપા હિ કેવલં., એવું સૂત્ર આજ સુધી આપણે ગૌરવપૂર્ણ રીતે અનુભવી રહ્યાં છીએ.

સદગુરૂ પ્રત્યેનું સમર્પણ શિષ્યને પ્રગતિના પંથે અગ્રગામી બનાવે છે.સત્યના માર્ગે ચાલનાર દરેક વ્યક્તિના જીવનમાં સત્યમાર્ગના પથ-પ્રદર્શક ગુરુ છે. ગુરુ તેમના શિષ્યના જીવનમાંથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને તેમની દિવ્ય પ્રગતિ માટે હંમેશાં તત્પર રહેતા હોય છે. સમર્પિત થયેલા શિષ્યમાં સદવૃત્તિઓનો સંચાર માત્ર ગુરુ જ કરાવે છે.

ગુરુપૂર્ણિમાનો આ પાવન અવસર ગુરુ પ્રત્યે આદર અને ભક્તિભાવ વ્યક્ત કરવાનો અનેરો દિવસ છે. સત્સંગી, ભક્ત-શિષ્યોએ ગુરુના સદ્ગુણોને આચરણમાં ઉતારીને અધ્યાત્મના શિખરને સર કરવાનું છે. મનુષ્ય માટે જ્ઞાનપ્રાપ્તિનો એકમાત્ર ઉપાય સદગુરૂનું શરણ જ છે. ઈશ્વર સર્વવ્યાપી છે. નિર્ગુણ-નિરાકાર-પરમેશ્વર, સત્-ચિત્-આનંદ સ્વરૂપની ઓળખ કેવી રીતે થાય? આ તત્ત્વમસિની ઓળખ કરવા અને તેના સુધી પહોંચવા માટે એકમાત્ર ઉપાય સદગુરૂનું શરણ છે.

અર્જુન માટે શ્રીકૃષ્ણ પરમાત્માએ ગુરુ રૂપે જ તેના મોહનો નાશ કરી, તેના અસલ સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. એ રીતે જ પ્રત્યેક મનુષ્ય માટે જ્ઞાનપ્રકાશ પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય સદગુરૂનું શરણ જ છે. શ્રીમદ્ આધ્યગુરુ ભગવદ્પાદ્ શંકરાચાર્ય ભગવાને પરિમાર્જિત કરેલી આ પરંપરા આજે પણ અવિરત ચાલ્યા કરે છે.

આજ્ઞાપાલન સાચી ગુરુભક્તિ છે. જીવન ઉન્નત બનાવવાનો માર્ગ સદગુરૂ બતાવે છે. ઉપાસના, સાધના અને આરાધનારૂપી ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને કષાય-કલ્મષોને દૂર કરીને જે સાધક આગળ વધે છે, તેનામાં દેવત્વનો ઉદય થાય છે. તેનામાં મેધા અને શ્રદ્ધા સ્વરૂપે ત્રિપદા ગાયત્રીનો સાક્ષાત્કાર થાય છે. ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને શ્રદ્ધા હોય તો જ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ થઇ શકે છે.

ઊર્ધ્વ તરફ આગળ વધીએ શાસ્ત્રોમાં કહ્યું છે કે ગુરુની સેવા વગર જ્ઞાન શક્ય નથી. એ જ રીતે તેઓના આશ્રય વગર આપણે અંધકારરૂપી અજ્ઞાનને હટાવી શકવા સમર્થ નથી. કેમકે ગુરુનાં વચનો જ મનુષ્યની પ્રગતિમાં બાધારૂપ અંધકારને હટાવવા સૂર્યનાં કિરણોની જેમ સમર્થ બની શકે છે. વિશ્વની સૌથી પ્રાચીન પરંપરામાં વૈદિક સમયથી ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્ત્વ દર્શાવાયું છે, તેનો પ્રભાવ વર્તમાન ૨૧મી સદીમાં પણ જોઇ શકાય છે. આપણે પણ ગુરુપૂર્ણિમાના દિવસે પોતાના ગુરુને વંદન કરી.

આપણી સંસ્કૃતિમાં ગુરુનું મહત્ત્વ અદ્વિતીય છે. ગુરુ જે શિષ્યના ઘડતરનું કાર્ય કરે, તે પોતાના વિચારોથી શિષ્યને સજાગ કરી શિષ્યના સંશયોને દૂર કરીને ખરા અર્થમાં માનવ બનાવવાનું કાર્ય કરે છે. ખાસ કરીને ગુરુની જરૂર યુવાવર્ગને છે. યુવાનો પાસે ગતિ તો છે પરંતુ દિશા નથી અને દિશા વિનાની ગતિ માણસને ભટકાવે. આજે દરેક ઘરમાં એક ફેમિલી ડોક્ટર હોય, કે જે બધાની પ્રકૃતિ જાણતા હોય અને એની દવા તરત અસર કરે.

આજે તન કરતાં મનના રોગી વધારે છે અને આના ઉપચાર માટે આપણી પ્રકૃતિને જાણતા હોય એવા ફેમિલી ગુરુની જરૂર છે.વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં સંસ્કારોનાં સિંચન, સંરક્ષણ અને સંવર્ધન માટે સતત પુરુષાર્થ કરતાં વિદ્વાન સંતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પર્વ, એટલે ગુરુપૂર્ણિમા.

આપણે ત્યાં ગુરુ-શિષ્ય પરંપરા છે તેનું સ્થાન અજોડ છે. જે વ્યક્તિ ગુરુ ઉપર જેટલો વિશ્વાસ રાખે છે તેને તેટલા

પ્રમાણમાં સિદ્ધિ મળે જ છે, આ અનુભવજન્ય સત્ય છે. જીવનનાં કોઇપણ ક્ષેત્રમાં હોઇએ, કોઇ પથદર્શક, માર્ગદર્શકની જરૂર અવશ્ય હોય છે ત્યારે જો સદગુરૂનો ભેટો થઇ જાય તો માત્ર લૌકિક જ નહીં આધ્યાત્મિક ઉન્નતિથી માંડી પરમ ગતિ સુધી તેઓ લઇ જઇ શકે છે. આ પરંપરાને આપણે નિભાવીએ અને ગુરુપૂર્ણિમાએ પોતાના ગુરુ પ્રત્યે સમર્પિત થઇને રહીએ

'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા' તેવા માર્ગદર્શક ગુરુ વંદનીય છે. ગુરુ યોગ્ય માર્ગદર્શન આપી શિષ્યનું કલ્યાણ કરે છે. ગુરુને એટલે જ ગોવિંદથી ચડિયાતા માન્યા છે. ગોવિંદની ઓળખ ગુરુ જ આપી શકે. આધ્યાત્મની અનુભૂતિ ગુરુ વિના શક્ય નથી. ગુરુપૂર્ણિમા આવી સૂક્ષ્મ ગતિ આપવાનો દિવ્ય દિવસ છે. શિષ્યની દિવ્યતા, ગૌરવ, ગરિમા અને ભવ્યતાના દર્શન કરાવે તે જ સદ્ગુરુ. ગુરુ ભગવાન અને ભક્ત વચ્ચે માધ્યમરૂપ બને છે.

"ગુરુથી કોઈ શ્રેષ્ઠ તત્ત્વ નથી, ગુરુથી અધિક તપ નથી અને ગુરુથી વિશેષ કોઈ જ્ઞાન નથી." ભારતની સૌથી કોઈ મોટી ભેટ હોય તો ગુરુ-શિષ્ય પરંપરા છે. માતા-પિતા મોટા કરે પણ ગુરુ જ જીવનને સાચો રસ્તો આપે. માતા-પિતા પણ ગુરુ પદ ધારણ કરી શકે છે. ગુરુના દર્શન સત્ય, પ્રેમ અને કરુણાની અનુભૂતિ કરાવે છે.

ગુરુમહિમા અનંત અને અપરંપાર છે. તે આદિ-અનાદિથી શાશ્વત રહ્યો છે, અને રહેવાનો છે. એક ભજનમાં ગવાયું છે કે, ગુરુ તારો પાર ન પાયો, એ પૃથ્વીના માલિક તમે તારો તો અમે તરીએ. જગતના એ તમામ શિક્ષકોને પ્રણામ કે જેઓ 'ગુરુ' પદને પામ્યા છે.

(પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર, મો. ૯૮૨૪૮ ૨૫૫૬૧)

## આંતર ઐશ્વર્ય

એક બાદશાહ પોતાના મહેલમાં દરબાર ભરીને દરબારીઓ સાથે વિચાર-વિમર્શ કરતો હતો તે સમયે એક ચીંથરેહાલ માણસ આવ્યો. બાદશાહે ધ્યાન આપ્યું નહીં.

થોડાક સમયમાં એક શેઠ જેવો માણસ આવ્યો તો બાદશાહે એનું ઊભા થઇને સ્વાગત કર્યું.

દરબારીઓની ચર્ચા-વિચારણા પૂરી થઇ.

એ પછી બાદશાહ પેલા ચીંથરેહાલ માણસને સ્નેહાદર સાથે વળાવવા છેક દરવાજા સુધી સાથે ગયા પણ પેલા ધનિક શેઠને વળાવવા ગયા નહીં આ બધું જોતા વઝીરે બાદશાહને પૂછયું:

' આવું તમે કેમ કર્યું ? આવ્યા ત્યારે ધનવાનને આદર અને પરત ગયા

ત્યારે ચીંથરેહાલ વ્યકિતનું સન્માન ? '

બાદશાહઃ 'કોઇ માણસ પ્રવેશે છે ત્યારે કપડાંનું-દેખાવનું સન્માન થતું હોય છે

પરંતુ જાય છે ત્યારે એના વિચારોનું સન્માન થાય છે.'

વઝીરઃ 'એવું મૂલ્યાંકન કેવી રીતે ? '

બાદશાહઃ ' આપણી સાથે ચર્ચામાં ધનવાન માણસના વિચારો અર્થહીન અને નકારાત્મક હતા જયારે ચીંથરેહાલ વ્યકિતના વિચારો અર્થપૂર્ણ અને હકારાત્મક, ઉર્જાવાન હતા.'

## ૧૧. વારસો રીઈન્સ્ટોલ્ડ...

### લોકભારતી તો નિજમાં નિમગ્ન કરનારી છે

કવિ વિનોદ જોશી

---

નમસ્કાર

લોકભારતી-સણોસરામાં આજે આવ્યાં એ પૂર્વે પણ મારે અનેક વખત આવવાનું બનેલું. આ સંસ્થાને એક સ્વાયત્ત યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો એ પછી પહેલીવાર કુલપતિ ભદ્રાયુ વછરાજાનીના સાન્નિધ્યમાં લોકભારતીમાં મળવાનું બન્યું એથી ખૂબ રાજીપાનો અનુભવ થયો છે. આ સંસ્થાનું હવે જયારે નવીનીકરણ થઈ રહ્યું છે ત્યારે એ દિશામાં કેટકેટલું અધિક હવે પછી થઇ શકવાનું છે એનો જયારે વિચાર કરીએ ત્યારે એમ લાગે કે આ સંસ્થાના સ્થાપકોએ, એમના અનુગામીઓએ અને વર્તમાન પેઢીએ પણ જે સંકલ્પો કર્યા છે એની પરિપૂર્તિ નજીકમાં છે. કૃષિ, ગોપાલન, શ્રમ, વૈધિક શિક્ષણ તો ખરું જ પણ એની સમાંતરે જીવન જીવવાની કેળવણી પણ આપવામાં આવે છે.

શિક્ષણ તો ઔપચારિક છે પણ એક ઉત્તમ મનુષ્ય, એક ઉત્તમ નાગરિક દેશનો વિકાસ સાધવા માટે તત્પર એવી નાગરિકતાનું જયાં ઘડતર થઇ રહ્યું છે. એવી એક મનોરમ ભૂમિ એ આ લોકભારતી-સણોસરા હવે સવિશેષ દિશે છે.

લોકભારતીના વિદ્યાર્થીઓ જે સ્વાયત્ત ભૂમિકાએ આ સંસ્થાનું જતન કરે છે, શિક્ષકો પણ એ કાર્ય કરી રહ્યાં છે. અને એ જ રીતે આ સંસ્થાનો પરિસર પણ પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. અહીંના વૃક્ષો, અહીંનાં માર્ગો, ઉપમાર્ગો ,પંખીઓના ટહુકાઓ, કળા કરતા મોરથી માંડીને આપણને હૃદયંગમ લાગે એવાં વહેતી હવાના સરસરાટથી હલતાં,ખીલતાં પર્ણો અને પુષ્પો એ સૌ આપણને પ્રકૃતિની વધુમાં વધુ નજીક લઇ જાય છે. આપણી રોજિંદા જીવનની જે ઔપચારિકતાઓ હોય એનાથી આપણને ખસેડીને નિસર્ગનો સાક્ષાત્કાર કરાવે છે અને એ અર્થમાં આપણને આપણી વધારે નજીક લાવે છે.

**विद्यां च अविद्यां च यस्तद् वेदोभयं सह।**
**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाप्मृतमश्नुते ॥**

એ મુદ્રામંત્રને ચરિતાર્થ કરતું આ આખુંય સંકુલ એક અર્થમાં જીવનલક્ષી શિક્ષણની બારાક્ષરી છે. એમાં કોઇ એવો કક્કો નથી જે જડતાને વરેલો હોય, એવી કોઇ બારાક્ષરી નથી જે થંભી ગઇ હોય. અહીં વહેણ છે સતત વહેતું અને વહેતાં પાણી હંમેશા નિર્મળ હોય છે; આ સંસ્થા પણ એના સ્વયં સ્વરૂપમાં એવી નિર્મળતાની ઝાંખી કરાવે છે. આપણને સભર કરે છે, ભર્યાભર્યા બનાવી દે છે. એક રોજિંદી, એક વિધિસરની ,એક કહેવાતી ફૂટપટ્ટીથી માપી શકાય એવી જિંદગીથી દૂરનો પરિચય આ સંસ્થા કરાવે અને એ પરિચય એવું લાગે કે જાણે આપણો જ પરિચય છે ! આ સંસ્થા આ રીતે આપણને નિજમાં નિમગ્ન કરનારી છે. એવા એક વિશેષભાવ સાથે હું આ યુનિવર્સિટીના નવાં સ્વરૂપને લોકભારતીને નવાં રૂપે નિહાળવાનાં જે સ્વપ્ન છે એને સાકાર થતાં જોઉં છું અને એમાં જે કોઇ સહભાગી છે એ સૌને અભિનંદુ છું અને શુભેચ્છા પાઠવું છું.

(લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનના કુલપતિશ્રી ભદ્રાયુભાઇ વછરાજાનીને તા.૫/૭/૨૨ના દિવસે શુભેચ્છા આપવા લોકભારતી-સણોસરા પધારેલા કવિશ્રી વિનોદ જોશીએ આપેલો શુભેચ્છા સંદેશ.)

## ૧૧. વારસો રીઈન્સ્ટોલ્ડ...

**લોકભારતીમાં તો ચહેરા બોલે છે.**

કવિ તુષાર શુક્લ

---

નમસ્કાર,

આજે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં પ્રથમ વખત આવવાનું થયું. આમ તો અમારે બહાર ફરવાનું થાય, જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાતે જવાનું થાય. કાર્યક્રમ અંતર્ગત પણ થાય અને નિજાનંદે પણ થાય. આજે એવા નિજાનંદે અહીં આવવાનું થયું છે. એવી એક સંસ્થાની મુલાકાત લેવાઇ, કોઇ તીર્થમાં આવ્યા હોઇએ એવો અનુભવ થાય છે. અને તીર્થ પણ કેવું કે જેમાં કોઇ પ્રકારનો ભાર યાત્રિક ન અનુભવતો હોય. વિદ્યાપીઠો હોય, વિદ્યાપીઠોને પોતાના નિયમો હોય એટલે સંસ્થાગત જે કંઇ એમના નિર્ણયો, નિયમો અનુસાર બધું ચાલતું હોય, એટલે એ શિસ્ત તો સ્વીકાર્ય જ હોય. પણ કોઇ સંસ્થામાં આપણને એમ લાગે કે જીવંતતા ખૂટે છે. લોકભારતીમાં કેવળ વૃક્ષો છે,ફૂલો છે, પંખીઓ બોલે છે એવું જ નથી, અહીંયા ચહેરા પણ બોલે છે.અમે કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓની સામે બેઠા તો એમના ચહેરા ઉપરની પ્રસન્નતા અમે જોઇ એટલે ખબર પડી કે આ સ્થળ પર વિદ્યાર્થીઓ જે કામ માટે આવ્યાં છે, જે શીખવા આવ્યાં છે એમાં એમને ખૂબ આનંદ અનુભવાય છે. કોઇપણ શિક્ષણસંસ્થા જો એવી જીવંતતાનો અનુભવ કરાવે તો એનાથી ઉત્તમ શું ?

અહીંયા બહુ સૂચક રીતે ફરતાં ફરતાં મેં જોયું કે એવાં ત્રણ ઘર બનાવ્યાં છે, એનાં નામ સંસ્થાએ ‘સત્યમ્’,‘શિવમ્’, ‘સુન્દરમ્’ એમ રાખ્યાં છે. તો ‘સત્ય’ સ્વાભાવિક છે કે વિદ્યાપીઠ હોય ત્યાં ‘સત્ય’ તો હોય. ‘શિવમ્’ પણ હોય કલ્યાણ માટે છે. પણ આપણે ત્યાં ‘સુન્દરમ્’ની થોડી ઉપેક્ષા થતી હોય છે. ‘સુન્દર’ને આપણે એમ માનતા હોઇએ છીએ કે એ બહુ ઉત્સાહ, રસ લેવા જેવો વિષય નથી. એનાથી થોડા આઘાં ચાલવાની પરંપરા છે. આ સંસ્થાએ ‘સુન્દર’નો પણ એવો જ મહિમા કર્યો છે. એટલે અહીંયા શિક્ષણ પણ સુન્દર, વાતાવરણ પણ સુન્દર, આવવાનું ગમે છે. જે બીજી સિદ્ધિઓ છે એ તો તમે જાતે આવીને જુઓ એટલે તમને ખબર પડશે કે કેટલું બધું કામ થાય છે. આમ કૃષિનું ક્ષેત્ર છે પણ આનુષંગિક કેટલી બધી પ્રવૃત્તિઓ કરે છે. અને હું તો એ જોયા કરું કે આ વિદ્યાર્થીઓ બહાર સમાજમાં જશે ત્યારે એના વ્યકિતત્વમાં જે ફેર પડવાનો છે, એ જે આત્મવિશ્વાસ સાથે બહાર આવશે અને પાછી આપણે હવે જે ઇનોવેશન તરફ આપણી ગતિ કરી છે એ દેશની વિકાસની દિશામાં બહુમૂલ્ય પાયાની બની રહેશે.

અમે તો આમ જ કુલપતિશ્રી ભદ્રાયુભાઇ વછરાજાનીને મળવા આવેલાં, શુભકામના પાઠવવા આવેલાં પણ આવીને ખૂબ આનંદ થયો, ભદ્રાયુભાઇ અને એમના સહુ સાથીદારો સૌને અમારી ખૂબ ખૂબ શુભકામનાઓ અને અભિનંદન.

(લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનના કુલપતિશ્રી ભદ્રાયુભાઇ વછરાજાનીને તા.૫/૭/૨૨ના દિવસે શુભેચ્છા આપવા લોકભારતી-સણોસરા પધારેલા કવિશ્રી તુષાર શુકલએ આપેલો શુભેચ્છા સંદેશ.)

શુભેચ્છા સંદેશનું સંકલન : દિનુ ચુડાસમા- કોડિયું કાર્યાલય,લોકભારતી-સણોસરા

## ૧૨. મરક- મરક

### મજેદાર સંવાદો

સંકલિત

---

(૧)

તમારે ત્યાં કેટલાં લોકો કામ કરે છે.

દશમાંથી એક

(૨)

ભીખોઃ મારે મારી ગર્લફ્રેન્ડને એક ભેંટ આપવી છે. શું આપુ ?

ભૂરોઃ સોનાની રિંગ આપ સારું લાગશે.

ભીખોઃ ના કોઈ મોટી ચીજ બતાવ.

ભૂરોઃ તો પછી ટ્રેક્ટરનું ટાયર આપ.

(૩)

પતિ-પત્ની વચ્ચે જોરદાર ઝઘડો થઇ ગયો.

કમળાઃ હવે તો હદ થઇ ગઇ, હું મારી મમ્મીને ઘરે જાઉં છું અને ક્યારેય પાછી નહીં આવું.

ભીખોઃ તું જતાં પહેલાં એક ખુશખબર સાંભળતી જા. ગઇકાલે તારી મમ્મીને તારા પપ્પા સાથે લડાઇ થઇ તેથી તારી મમ્મી પણ એની મમ્મીને ઘરે ગઇ છે.

(૪)

પતિ ઘરનો માલિક છે..

પત્ની ઘરના માલિકનો માલિક છે.

પતિ ઘરનું મસ્તક છે. મસ્તક કઇ દિશામાં ફેરવવું એ પત્નીના હાથમાં હોય છે.

(૫)

શિક્ષકે બાળકોને સસલું અને કાચબાની વાર્તા કહી પૂછયુંઃ આપણે આમાંથી શું શીખ્યાં ?

દકુઃ સર ! અમને એ સમજાયું કે, ભલે રેસમાં હારી જવાય, ઊંઘ તો પૂરી જ કરી લેવાય.

(૬)

ભીખોઃ શું ચાલે છે ભૂરા ?

ભૂરોઃ મારે તો કોરોના લોકડાઉનનો ત્રીજો તબક્કો સફળતાપૂર્વક ચાલે છે.

ભીખોઃ હું કાંઇ સમજયો નહીં

ભૂરોઃ કોરોના લોકડાઉનના પ્રથમ તબક્કામાં હું રસોઇ શીખ્યો. બીજા તબક્કામાં વાસણ માંજતા શીખ્યો અને આ ત્રીજા તબક્કામાં કપડાં ધોવાનું શીખી જવાનો.

(૭)

પતિએ પત્નીને કહ્યુંઃ એક ગ્લાસ પાણી આપને.

પત્નીઃ કેમ તરસ લાગી છે ?

પતિઃ ના ગળામાં પંકચર છે કે નહીં તે ચેક કરવું છે.

(૮)

લીલીઃ અલી, જો પેલી તારા પતિને ટગર ટગર જુએ છે.

કમળાઃ મને એ જુએ છે એનામાં રસ નથી. મારે એ જોવું છે કે,મારો પતિ કયાં સુધી એનું પેટ અંદર દબાવી શકે છે.

(૯)

પત્નીએ પતિને કહ્યુંઃ હે તમને ખબર છે કે આઇ લવ યુનો આવિષ્કાર કયા દેશમાં થયો હતો ?
પતિઃ ચાઇનાએ કર્યો હોવો જોઇએ.
પત્નીઃ એ કેવી રીતે ખબર પડી ?
પતિઃ આઇ લવ યુ-માં બધી લાક્ષણિકતાઓ ચાઈનાની જ છે ના કોઇ ગેરન્ટી કે ના કોઇ વોરન્ટી, ચાલે તો જિંદગીભર બાકી બે દિવસમાં પૂરું.

(૧૦)

ભીખો : ભૂરા તું છોકરી જોવા જવાનો હતો ને ?
ભૂરોઃ વાત કરવા જેવી નથી યાર..
ભીખોઃ શું છોકરીએ ના પાડી ?
ભૂરોઃ ના. મે છોકરીને ના પાડી દીધી.
ભીખોઃ તે શા કારણે ના પાડી ?
ભૂરોઃ છોકરી પાસે ઘણાબધા સુવર્ણચંદ્રક હતા માટે.
ભીખોઃ હં...તારી પાસે તો મેટ્રિક પાસનું સર્ટિફીકેટ પણ નથી.
ભૂરોઃ ના ભીખા છોકરી પાસે બધા જ સુવર્ણચંદ્રક બોકિંસગમાં જીતેલા હતા.

(૧૧)

ભીખોઃ લોકડાઉન દરમિયાન દરેકના ઘરમાં. ગૃહ-કંકાસ-ઝઘડા થતાં હતા તો તારા ઘરમાં શાંતિ કેવી રીતે રહેતી હતી ભૂરા?
ભૂરોઃ અરે ભીખા, હું મારી પત્નીને એ કહે એ પહેલાં સામેથી કહેતોઃ લાવ, વાસણ હું માંજી આપું, કપડાં ધોઇ દઉં, દોરી પર ઝાંટકીને સૂકવી દઉં તેની અસર આઇ લવ યુ કરતા પણ વધારે સારી થતી.

(૧૨)

ચંદુને ઇન્ટરવ્યુંમાં પૂછવામાં આવ્યું : દુનિયાની સૌથી જોખમી નદી કઇ છે ?
ચંદુઃ સાહેબ, ભાવના.
સાહેબે વિસ્મય પામી કહ્યુંઃ ભાવના ?
ચંદુઃ સાહેબ, મારા દાદા કહે છે કે એમાં બધા જ તણાય જાય છે.

શશીભૂષણ બંદોપાધ્યાય સરકારી વકીલ હતા. વૈશાખ માસના એક દિવસે બપોરે બે વાગ્યે તેઓ એમના વેવાઈને ગામ જવા નીકળ્યા. જે કામ સારુ એ નીકળ્યા હતા તેમાં એમની પિતાની હાજરીની જરા પણ જરૂર નહોતી. એકાદ ચાકરને ચિઠ્ઠી આપીને મોકલ્યો હોય તો ચાલત. એટલે વેવાઈને ઘેર પહોંચ્યા ત્યાં કોઈએ એમને પૂછ્યું, ‘આટલા અમથા કામ માટે આવી વરસતી લૂમાં આપે જાતે શા સારુ ધક્કો ખાધો?’

જવાબમાં શશીભૂષણબાબુ બોલ્યા, ‘પહેલાં તો વિચાર આવ્યો કે એકાદ નોકરને મોકલું; પણ પછી જોયું કે તડકો બહુ આકરો છે, એટલે કોઈ નોકરને મોકલતાં મારો જીવ ન ચાલ્યો.’

- જગદીશ ચાવડા

# ૧૩. સંસ્થાસમાચાર (જુલાઈ, ૨૦૨૨)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મંત્રી ઓપવર્ગ ૨૩૨માં આવેલ મંત્રીઓએ તા.૦૧ના રોજ સણોસરા ગ્રામપંચાયતની પ્રત્યક્ષ મુલાકાત લીધી.
- નવનિયુક્ત કુલપતિશ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીને શુભેચ્છાઓ આપવા તા.૦૫ના રોજ પધારેલા જાણીતા કવિઓ શ્રી તુષારભાઈ શુક્લ અને શ્રી વિનોદભાઈ જોશીનો સાહિત્યગોષ્ઠિનો એક કાર્યક્રમ ગોઠવાયો. શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ તેમની સાથે સંવાદ કરીને કવિઓની રચનાઓ અને જીવન-કવનની રસપ્રદ વાતો સૌ સમક્ષ રજૂ કરી.
- તા. ૦૫ના રોજ શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ 'આર્યા ઝોનલ રિવ્યુ વર્કશોપ'માં ઓનલાઈન ભાગ લીધો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા. ૬ અને ૨૦ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, તા. ૦૭ના રોજ સિહોર મામલતદારશ્રી, તા. ૦૭ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમા, શ્રી યાકુબભાઈ કોઠારીયા, શ્રી વિશાલભાઈ ભાદાણી વ્યાખ્યાન આપવા આવી ગયા.
- તા. ૧૧થી ૨૬ દરમિયાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સીધા માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય પર ૧૫ દિવસના વ્યાવસાયિક તાલીમ અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવ્યું. સફળ સહભાગીઓને તાલીમ મેળવવા માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે જે ખાતર ડેપો ચલાવવાનું લાઈસન્સ મેળવવા માટે ઉપયોગી થશે.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થીઓનું સન્માન કરવા માટેનાં નામો નક્કી કરવાની સમિતિની એક બેઠક તા.૧૨મીના રોજ મળી ગઈ. તેમાં (૧) શ્રી મનજીભાઈ નાકરાણી-ભાવનગર(સહકાર) (૨) શ્રી મોહનભાઈ અને શ્રી નંદુબહેન દલસાણિયા-જૂનાગઢ(ગ્રામ વિકાસ) (૩) શ્રી દિનેશભાઈ ઠાકર- બેચરાજી(પર્યાવરણ) (૪) શ્રી માધુભાઈ નાંદરિયા-ટાટમ(શિક્ષણ) (૫) શ્રી ફાધર થૉમસ-ભાવનગર(શિક્ષણ), એમ પાંચ નામ નક્કી કરવામાં આવ્યા. આ કાર્યક્રમ દર્શક વ્યાખ્યાનમાળાના કાર્યક્રમ સાથે ૨૯ ઑગસ્ટે યોજાશે.
- તા.૧૩મીના રોજ લોકભારતીના ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાન કુલસચિવ શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાએ ભારતીય પરંપરાનાં મૂલ્યોને આધાર રાખી ગુરુપૂર્ણિમાનું વિદ્વતાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. દરેક છાત્રાલયનાં પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિ દેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી પોતાની ભાવના અર્પણ કરી.
- તા.૧૩મીના રોજ આગામી ઉત્સવોની ઉજવણીનાં મહેમાન-વક્તાઓનાં નામ નક્કી કરવાની એક બેઠક મળી ગઈ.
- તા. ૧૬ના રોજ ૐછઇ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞોના માર્ગદર્શન અને સહયોગથી

ખેતીની આવક વધારવામાં સફળ રહેલા ૧૨૫ જેટલા ખેડૂતોએ ભાગ લીધો. શ્રી સરોજબહેન ચૌધરીએ સફળ ખેડૂતોની સાફલ્ય ગાથાઓ રજૂ કરી, શ્રી નિગમભાઈ શુકલએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતી ખેડૂતોપયોગી યોજનાઓ અને પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી. શ્રી વિશાલભાઈ ભાદાણી તથા શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા દ્વારા કૃષિની પરંપરાગત પદ્ધતિઓ વિશે માહિતી આપી. ખેડૂતોને ઉપયોગી થવા માટે નવી સ્થપાયેલ લોકભારતી યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા પ્રગટ કરી. કાર્યક્રમના અંતે સમગ્ર સંમેલનને કેન્દ્રિય મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમરજી દ્વારા દૂરસંપર્ક માધ્યમથી સંબોધન કરવામાં આવ્યું.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬ના રોજ વર્ગ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી રામચન્દ્રભાઈ પંચોલી પ્રવચન આપી ગયા.
- લોકભારતીને યુનિવર્સિટીનો દરજ્જો મળ્યાની શુભેચ્છાઓ અને આશીર્વાદ આપવા પૂ. મોરારિબાપુ તા.૧૭મીના સાંજના પધાર્યા. આ અનૌપચારિક રીતે યોજાયેલ કાર્યક્રમમાં પૂ. બાપુએ પોતાનો આનંદ, ખુશી વ્યક્ત કર્યાં અને આશીર્વાદ આપ્યા.
- તા.૧૯ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષ મ્ઈજીના વિદ્યાર્થીઓનો સત્રારંભ થયો. નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ ભાઈઓ અને બહેનોનું કુમકુમ તિલક અને મોં મીઠું કરી સ્વાગત કરવામાં આવ્યું. પ્રથમ વર્ષમાં ૩૬ ભાઈઓ અને ૩૬ બહેનોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવ્યો.
- તા.૨૧ના રોજ કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતી નિમિત્તે શ્રી દિનુભાઈ ચુડાસમાએ સાયં પ્રાર્થનાના અનુસંધાને ઉમાશંકરના જીવન અને સાહિત્યસર્જન અંગે સારસ્વતભવનમાં રસપ્રદ રીતે વાતો રજૂ કરી.
- તા. ૨૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયમાં કવિશ્રી ઉમાશંકર જોષીની જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી. શ્રી સોનલબહેન પરીખે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું જ્યારે શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું.
- તા.૨૧ના રોજ અધ્યાપન મંદિરના મહેકમની કામગીરી અર્થે  શ્રી અજયભાઈ અને શ્રી જગદીશભાઈ ગાંધીનગર જઈ આવ્યા.
- તા.૨૨ના રોજ અધ્યાપન મંદિરમાં પ્રથમ વર્ષ ડી.એલ.એડ.નો પ્રવેશોત્સવ યોજાયો. પ્રથમ વર્ષમાં ૭૪ બહેનો અને ૪૦ ભાઈઓ મળીને કુલ ૧૧૪ તાલીમાર્થીઓ હાજર થયાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાંથી તા. ૨૨ના રોજ તાલીમાર્થીઓને રાજકોટ અને ગોંડલ મુકામે એકસપોઝર વિઝીટ  માટે લઈ જવામાં આવ્યા. જેની સાથે શ્રી જગદીશભાઈ કંટારિયા અને શ્રી પરેશભાઈ રાઠોડ જોડાયા.
- તા.૨૩ના રોજ ચિલ્ડ્રન યુનિવર્સિટીના પચાસેક પ્રાધ્યાપકો લોકભારતીની શૈક્ષણિક મુલાકાતે આવી ગયાં.
- ગાયોમાં હાલમાં ફેલાઈ રહેલ લમ્પી વાયરસના રોગ સામે લોકભારતી ગોશાળાની ગીર ગાયોને રક્ષણ મળી રહે તે હેતુથી પશુચિકિત્સક ડૉ. વિક્રમભાઈ દેસાઈ અને શ્રી બગડાભાઈ દ્વારા ગાયોનું રસીકરણ કરવામાં આવ્યું. જેમાં અભ્યાસના ભાગરૂપે વિદ્યાર્થીઓને સાંકળવામાં આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૫ના રોજ જી.આઈ.ડી.એમ.માંથી શ્રી ચિંતનભાઈ તેમજ અંકુરભાઈ અને સાદરા તાલીમ કેન્દ્રના આચાર્યશ્રી તાલીમાર્થીઓ દ્વારા એક દિવસીય ''આપત્તિ

વ્યવસ્થાપન''ના મુદ્દા ઉપર કાર્યશાળા યોજાઈ ગઈ.

- તા.૨૭ના રોજ રાજ્યના ડાયેટ કૉલેજોના સાંઈઠેક પ્રાધ્યાપકો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ સમજવા આવી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૮ના રોજ સમાપન કાર્યક્રમમાં શ્રી રાજેન્દ્રભાઈ ચોટલીયાએ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી પ્રમાણપત્ર વિતરણ કર્યા.
- તા.૨૭ના રોજ અધ્યાપન મંદિરના સંમેલનમાં શ્રી ભાવનાબહેન પાઠકે તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.
- તા.૨૯મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી ગઈ.
- તા.૨૯મીના રોજ લોકભારતી કાર્યકર વીમા યોજનાની સામાન્યસભા મળી ગઈ.
- તા.૩૦મીના ખોબા(ધરમપુર-વલસાડ) મુકામે કાર્યરત ગ્રામશિલ્પી શ્રી નીલમભાઈ તેમના કાર્યકરો સાથે આવી ગયા.
- શ્રી અરુણભાઈ દવે સંસ્થા પ્રશ્નો સંદર્ભે શિક્ષણમંત્રી મા. શ્રી જિતુભાઈ વાઘાણી સાથે તા. ૨ના રોજ નિરાંતે સંવાદ કરી આવ્યા. તા. ૩જીએ ગ્રામભારતી ખાતે સ્વ. મોતીભાઈ જન્મ શતાબ્દીના ઉજવણી પ્રારંભે 'નઈ તાલીમના પડકારો' સંદર્ભે વ્યાખ્યાન આપવા જઈ આવ્યા. હમણાં હમણાં મહેમાનોના ઘસારો વધ્યો હોવાથી તેમાં વ્યસ્ત રહેવા ઉપરાંત યુનિવર્સિટીની માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં વિશેષ વ્યસ્ત રહે છે.

**આંબલા સમાચાર**

- તા. ૦૬ના રોજ ૩ નેવલ એન.સી.સી. કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનલ કર્નલ શ્રી નીતિશભાઈ શાહ તથા તેનો સ્ટાફ વાર્ષિક ટ્રેનીંગ કેમ્પના આયોજન માટે સંસ્થા મુલાકાતે તેમજ સ્થળ જોવા માટે આવી ગયા.
- તા. ૧૩ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીના મુખ્ય મહેમાનપદે ગુરુપૂર્ણિમાના કાર્યક્રમની ઉજવણી યોજાઈ ગઈ.
- તા. ૧૩ના રોજ વિદ્યાર્થીઓને ગડબે વર્ષા સ્નાન કરાવવા લઈ જવાયા.
- તા. ૧૫ના રોજ બહેનોના જાગરણ નિમિત્તે જલધારા ખોડિયાર મંદિરે સંગીત-સંધ્યાનો કાર્યક્રમ શ્રી અગરસંગભાઈ સોલંકી તથા શ્રી મહેશભાઈ પરમારના ભજનો તથા ગીતો સાથે યોજાઈ ગયો.
- તા. ૨૬ના રોજ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ અને નેચર ક્યોર સેન્ટર, ભાવનગરના સહયોગથી વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ અને આરોગ્ય તપાસણી કેમ્પ ૩ ગુજરાત નેવલ એન.સી.સી.ના લેફ્ટેન્ટ કમાન્ટર શ્રી નીતિનભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયેલ. જેમાં આજુબાજુના ગામોના ૧૩૫ દર્દીઓએ લાભ લીધેલ અને ૨૫ દર્દીઓને ઓપરેશના માટે રાજકોટ લઈ ગયેલ. તેમજ સાંધાના ૬૦ દર્દીઓએ લાભ લીધેલ. શ્રી નીતિનભાઈ પંચોળી, ડૉ.મિશ્રાજી, ડૉ. સુનિલભાઈ દવે, ડૉ. શોભાનાબહેન દવેએ સેવા આપેલ.
- તા. ૨૭ના રોજ જૂના ચિત્રકારોના ચિત્રોનું પ્રદર્શન યોજાઈ ગયું.
- તા.૨૭ના રોજ પ્રાર્થનાના અનુસંધાને શ્રી નીતિનભાઈ શાહે પ્રેરણાત્મક આવ્યું.
- તા. ૨૮ના રોજ ભાવનગર જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ શ્રી સુરેશભાઇ પટેલે પ્રાર્થનાના અનુસંધાને

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ અને વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરેલ.

- તા. ૧૦ થી ૩૧ દરમિયાન અલગ અલગ જિલ્લાઓમાંથી ૨૫૦ કેડેટનો ૩ ગુજરાત નેવલ એન.સી.સી.નો તાલીમ કેમ્પ યોજાઈ ગયો. તેમાં ફાયરિંગ, વ્યકિતત્વ વિકાસ, વેપન વગેરેની તાલીમ અપાઈ.

**મણાર સમાચાર**

- તા.૮મીએ સરકારી સંબંધિત અધિકારીશ્રીઓની હાજરીમાં આઝાદીકા અમૃત મહોત્સવ પ્રસંગે 'વંદે ગુજરાત' વિકાસ યાત્રાનું વાજતે- ગાજતે સ્વાગત કરવામાં આવ્યું.
- ગુરુપૂર્ણિમાના દિવસે શ્રી મનહરભાઈ ઠાકરે વિદ્યાર્થીભોગ્ય વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨૧મીના રોજ મેરીટાઈમ બોર્ડના કેપ્ટનશ્રી રાકેશકુમાર મિશ્રા દ્વારા 'જ્ઞાન જ્યોતિ ઉત્સવ'ની ઉજવણી કરાઈ.
- 'મોજીલું શિક્ષણ' યોજનાના કાર્યકરોની બે દિવસીય તાલીમ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે યોજાઈ ગઈ.
- કૃષિ-બાગાયત તાલીમ અને સંશોધન કેન્દ્રમાં 'અલંગ મહિલા મંડળ'ની બહેનો દ્વારા સૌ પ્રથમ વખત કેરીના રસના એક લીટરના ૩૨૫૦ કેન તૈયાર કરવામાં આવ્યા. જ્યારે 'અંબિકા મહિલા મંડળ' દ્વારા ૫૮૩ કિલો શીંગનું તેલ તૈયાર કરાયું. આ ઉપરાંત હજારેક કિલો મશરૂમની સુકવણી પણ કરવામાં આવી છે.
- ભારતના મત્સ્યઉદ્યોગ વિભાગના નિયામક ડૉ. ભાસ્કરજી લીલમાંથી વિવિધ ઉત્પાદન કરનારી મહિલા મંડળની માર્ગદર્શક મુલાકાતે આવી ગયા.

**માઈધાર સમાચાર**

- તા. ૦૨ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, રમાબહેન તથા ઓસ્ટ્રેલિયા સ્થિત તેમના પુત્રવધુ અંતીક્ષાબહેન આવી ગયાં. પ્રાર્થનાના અનુસંધાને અંતીક્ષાબહેને વિદ્યાર્થીઓ સાથે ઓસ્ટ્રેલિયા દેશની રસપ્રદ વાતો પ્રશ્નોત્તરી દ્વારા કરી.
- તા. ૧૩ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા મહેંદી, ચિત્રો, નિબંધલેખન, સંગીત. ગુરુવંદના વગેરે જેવી વિવિધ અભિવ્યકિતઓ રજૂ કરી ગુરુમહિમા વ્યકત કર્યો. શિક્ષક પરિવારે પ્રાસંગિક વક્તવ્યો આપ્યા.
- તા. ૧૯ના રોજ શ્રી રાજુભાઈ વાળા અને મિત્રો સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૦ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયની બહેનોને આર્થિક મદદ કરવાના સંદર્ભે મમતાબહેન ચૌહાણ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા. ૨૯-૩૦ના રોજ ધરમપુર ખોબાના ગ્રામશિલ્પી શ્રી નીલમભાઈ માઈધાર આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણ યોજના જોવા સમજવા આવી ગયા.

પ્રાર્થના

હે શિવ! મારાં ત્રણ પાપ બદલ
મને ક્ષમા કરજો.
હું તીર્થયાત્રા માટે કાશી આવ્યો ત્યારે
ભૂલી ગયો કે તમે તો સર્વવ્યાપી છો!
હું સતત તમારો વિચાર કરું છું, કારણકે
હું ભૂલી જાઉં છું કે
તમે તો વિચારથી પર છો!
હું તમને પ્રાર્થના કરું
ત્યારે ભૂલી જાઉં છું
કે તમે તો શબ્દથી પર છો !

- આદિ શંકરાચાર્ય

## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે કમાન્ડિંગ ઓફિસર શ્રી નીતિશભાઈ શાહના નેતૃત્વમાં યોજાઈ ગયો રાજકોટ ગ્રુપના એન.સી.સી. નેવીનો વાર્ષિક કેમ્પ

















TO.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-